


NAVSARJAN SANSKRUTI RNI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 145
Dt.: 01-04-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### વકફ બિલ મુદ્દે વિપક્ષ પર ભડક્યા કિરેન રિજિજુ

## બિલને વાંચો પછી તર્ક આપો, ખોટું બોલી સમાજને ગેરમાર્ગે ન દોરો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ વકફ બિલ મુદ્દે વિપક્ષો પર આકરા પ્રહારો કર્યા છે, તેમણે કહ્યું કે, 'કેટલાક પક્ષો અને સંગઠનના લોકો ગેરમાર્ગે દોરી રહ્યા છે. કંઈપણ બોલ્યા પહેલા બિલને વાંચો અને પછી તર્ક આપો. ખોટું બોલીને સમાજને ગેરમાર્ગે ન દોરો, અમે બિલ લાવવાની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.'

રિજિજુએ વકફ બિલ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરી કહ્યું કે, 'વકફ બિલ મુદ્દે કેટલાક પક્ષો અને સંગઠનો ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેઓએ બિલ અંગે ખોટું ન બોલવું જોઈએ. તેમણે પહેલા બિલ વાંચવું જોઈએ અને પછી તર્ક આપવો જોઈએ. તેઓ ખોટું બોલીને સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા છે.'

તેમણે કહ્યું કે, 'અમે બિલ લાવવાની તમામ તૈયારી કરી લીધી છે. અમે તે ક્યારે લાવશું, તે તમને જણાવી દઈશું. અમે બિલના નામે તણાવ ઉભો કરનારા સંગઠનોની ઓળખ કરી છે.

ઈદ પર પટ્ટી બાંધીને નમાજ અદા કરવાનું કહેનારા સંગઠનો ખોટું કરી રહ્યા છે. મસ્જિક, કબ્રસ્તાન અથવા મુસ્લિમની જમીન છીનવી લેવાની વાત કહી ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે.'

રિજિજુએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'વકફ એક્ટને ગેરબંધારણીય કહેવું એ



સૌથી મોટું જૂઠ છે. આપણે કોઈની જમીન કેવી રીતે છીનવી શકીએ?

### રિજિજુએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'વકફ એક્ટને ગેરબંધારણીય કહેવું એ સૌથી મોટું જૂઠ છે, આપણે કોઈની જમીન કેવી રીતે છીનવી શકીએ : રિજિજુ

વકફ અંગે ખોટી માહિતી ફેલાવનારાઓ આ લોકો કોણ છે? હું મીડિયાને પણ વિનંતી કરું છું કે, તેઓ ખોટી સૂચના ફેલાવનારાઓની ઓળખ કરે. કોઈપણ બિલમાં આવા સ્તરની ચર્ચા કરાઈ નથી.'

તેમણે કહ્યું કે, 'જ્યારે CAA કાયદો લવાયો હતો, ત્યારે પણ આ લોકોએ વિરોધ કર્યો હતો. હું ફરીથી કહું છું કે, જો તમને કોઈ વાંધો હોય તો મહેરબાની કરીને આ મુદ્દે ગૃહમાં ચર્ચા કરો. આજે ઈદનો પવિત્ર દિવસ છે, ખોટું ન ફેલાવવું જોઈએ.

ઈદના દિવસે જે લોકો ખોટું બોલે છે, તેઓ નકલી વ્યક્તિ છે. અસદુદ્દીન ઓવૈસી ખૂબ જ સમજદાર છે. તેમને ખબર છે કે, તેઓ શું કરી રહ્યા છે, તેઓ ખોટું બોલી રહ્યા છે. આ બિલ પાસ થયા બાદ ઓવૈસી જેવા લોકો રાજકીય રીતે કેવી રીતે ટકી શકશે.'

### જજ પર વર્ષ ૨૦૦૮માં લાંચ માંગવાના આરોપ મુકાયા હતા

## પંજાબ હાઈકોર્ટના જજ વિરુદ્ધ CBI પૂરતા પુરાવા રજૂ કરી શકી નથીઃ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના એક જજ પર વર્ષ ૨૦૦૮માં લાંચ માંગવાના આરોપ મુકાયા હતા. આ મામલામાં સીબીઆઈની સ્પેશિયલ કોર્ટના જજ અલકા મલિકે ભૂતપૂર્વ જસ્ટિસ નિર્મલજીત યાદવને નિર્દોષ જાહેર કર્યા છે. આ અંગે બચાવના પક્ષ વકીલ વિશાલ ગર્ગે જણાવ્યું કે આ મામલામાં કુલ પાંચ આરોપી હતા, જેમાંથી એકનું પહેલા મોત થયું હતું. પૂર્વ જસ્ટિસ અને અન્ય ચારને આજે કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે. આ પહેલા સીબીઆઈ કોર્ટે ગત ગુરુવારે પૂર્વ જસ્ટિસ નિર્મલજીત યાદવની સામે

### આ મામલામાં લગભગ ૮૯ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા, ૧૨ સાક્ષીઓને બીજીવાર નિવેદન માટે બોલાવવામાં આવ્યા હતા

સીબીઆઈ તરફથી નોંધાયેલા કેસના મામલામાં અંતિમ દલીલો સાંભળી હતી અને ચુકાદો ૨૯ માર્ચે આપવાનું નક્કી કર્યું હતું. આજના ચુકાદામાં સીબીઆઈની કોર્ટે કહ્યું કે, આરોપો સાબિત કરવા માટે પૂરતા પુરાવા મળ્યા નથી. સાથે જ મુખ્ય સાક્ષીઓ કોર્ટમાં પહેલા દિવસે જ પોતાના નિવેદનથી ફરી ગયા હતા. જેના કારણે કેસ નબળો થઈ ગયો. આ સાથે કોર્ટે એમ પણ કહ્યું કે, સીબીઆઈ એ નક્કર ડિજિટલ કે દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા નથી. હકીકતમાં, ૧૭ વર્ષ પહેલા ખોટી ડિલીવરીને લીધે લાંચનો સામલો સામે આવ્યો હતો. જસ્ટિસ નિર્મલજીત કૌર ૨૦૦૮માં ફક્ત ૩૩ દિવસ પહેલાં જ હાઈકોર્ટના જજ બન્યા હતા. તેમના ઘરના દરવાજા પર અચાનક નોટોથી ભરેલું બંડલ પહોંચાડવામાં આવ્યું હતું. પરંતુ તેમને આ અંગે કોઈ જાણકારી ન હતી. એવામાં તરત જ તેમણે પોલીસને જાણ કરી અને આ રીતે લાંચના મોટા ષડયંત્રનો ખુલાસો થયો હતો. દરવાજા પર રોકડના મામલાને લઈને કેટલાક સમય પછી નિવૃત્ત થનારી જસ્ટિસ નિર્મલજીત યાદવ પર આક્ષેપ થયા હતા. જસ્ટિસ યાદવ અને હરિયાણાના એડિશનલ એડવોકટ જનરલ સંજીવ બંસલ પર કેસ નોંધાયો હતો. બંસલનું કેટલાક વર્ષો પછી મોત થયું હતું. આ દરમિયાન, કેટલાય જજ બદલાઈ ગયા. આ મામલામાં લગભગ ૮૯ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા. ૧૨ સાક્ષીઓને બીજીવાર નિવેદન માટે બોલાવવામાં આવ્યા હતા.

### તેઓ પીએમઓમાં નાયબ સચિવ તરીકે કામ કરી ચૂક્યાં છે

## નિધિ તિવારી બન્યાં પીએમ નરેન્દ્ર મોદીના અંગત સચિવ

### મૂળ વારાસણીનાં આ IFS અધિકારીની આ બઢતી અંગે પર્સોનલ અને તાલીમ વિભાગ દ્વારા જાહેરાત કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નિધિ તિવારીની નિયુક્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ તરીકે થઈ છે. મૂળ વારાસણીનાં આ IFS અધિકારીની આ બઢતી અંગે પર્સોનલ અને તાલીમ વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

નિધિ તિવારી ૨૦૧૪ની બેચના વિદેશ સેવા અધિકારી છે. જોકે તેઓ વડાપ્રધાન કચેરી (પીએમઓ)માં નાયબ સચિવ તરીકે કામ કરી ચૂક્યાં છે. હવે તેમને વડાપ્રધાનના અંગત સચિવ તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય ૨૯ માર્ચે લેવામાં આવ્યો હતો.

પર્સોનલ વિભાગની આ જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે, આઈએફએસ અધિકારી નિધિ તિવારી, જેઓ વડાપ્રધાન કાર્યાલયમાં નાયબ સચિવ તરીકે કાર્યરત છે તેમની વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ તરીકેની નિયુક્તિને મંજૂરી આપવામાં આવી છે.

નિધિ તિવારીને ૨૦૨૨માં પીએમઓમાં નાયબ સચિવ બનાવવામાં આવ્યાં હતાં. એ પહેલાં તેઓ વિદેશ મંત્રાલયમાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા બાબતો માટે ફરજ બજાવી ચૂક્યાં છે. અંગત સચિવના સ્વરૂપે નિધિ તિવારીની કામગીરી ઘણી વિશિષ્ટ રહેશે. તેમણે વડાપ્રધાનના કાર્યક્રમોનું સંકલન, વડાપ્રધાનની બેઠકોનું આયોજન તથા સરકારી વિભાગો સાથે સંકલન જેવી કામગીરી કરવાની રહેશે. હકીકતે પીએમઓમાં અગાઉ પણ ઘણાં મહિલા અધિકારીઓ ટોચના હોદ્દા પર કામગીરી કરી ચૂક્યાં છે. એ અનુસંધાને નિધિ તિવારીની આ નિયુક્તિ મહિલા સશક્તિકરણની દિશાના એક પગલા તરીકે પણ જોવામાં આવી રહ્યું છે. ખાસ બાબત એ છે કે, નિધિ તિવારી વડાપ્રધાન મોદીના સંસદીય ક્ષેત્ર વારાસણીનાં છે. તેમને તેમની કામગીરીના આધારે જ આ બઢતી મળી છે.

### સરકારની નવો નિયમ બનાવવાની તૈયારી

## વારંવાર મેમો છતાં દંડ ન ભરતાં વાહનચાલકોની હવે ખેર નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટ્રાફિકના ભંગ બદલ મળતો ઈ-મેમો હવે જારી થયાના ત્રણ મહિનાની અંદર ચૂકવવામાં નહીં આવે તો ડ્રાઈવિંગ લાયસન્સ રદ થઈ શકે છે. વધુમાં કાયદા અમલીકરણ એજન્સીઓ એક નાણાકીય વર્ષમાં ખરાબ ડ્રાઈવિંગ, ટ્રાફિક સિગ્નલનો ભંગ જેવા નિયમોનો ત્રણ વખત ભંગ કરશે તો તેમનું લાયસન્સ ઓછામાં ઓછા ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર માર્ગ અકસ્માત અટકાવવા તેમજ મેમો પ્રત્યે નાગરિકોની બેદરકારીને ધ્યાનમાં લેતાં આ પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું કે, ઘણા રાજ્યોમાં મોટાપાયે ટ્રાફિક મેમો ચૂકવવામાં આવી રહ્યા નથી. જેના લીધે મેમોના માધ્યમથી ખરાબ ડ્રાઈવિંગ અને ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાનો ઉદ્દેશ સફળ થઈ રહ્યો નથી. જેથી સરકાર લાયસન્સ જપ્ત કરવાનું વિચારી રહી છે. વધુમાં જે લોકો પર ઓછામાં ઓછા બે ઈ-મેમો પેન્ડિંગ હોય તો તેમના વાહન પર ઈન્સ્યોરન્સ પ્રીમિયમ વધારી દેવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે હાલમાં જ ૨૩ રાજ્યો અને સાત કેન્દ્ર શાસિત પ્રદેશો પાસે રિપોર્ટ માગ્યો હતો કે, વ્હિકલ્સ ઍક્ટ હેઠળ મેમો આપવાનું સ્ટેટસ શું છે? આ ઍક્ટ હેઠળ સીસીટીવી કેમેરા લગાવવા, સ્પીડ ગન ચલાવવા તેમજ ઓટોમેટિક નંબર પ્લેટ રજિસ્ટ્રેશન સુવિધા શરુ થઈ છે કે કેમ? આ રિપોર્ટમાં ચોંકાવનારી સ્થિતિ નોંધાતાં કેન્દ્ર સરકાર આ પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે.

ચાલુ કેલેન્ડર વર્ષમાં અત્યારસુધીમાં વિવિધ રાજ્યોમાં ઈશ્યુ થયેલા મેમોમાં દેશની રાજધાની દિલ્હીનો રિકવરી રેટ માત્ર ૧૪ ટકા છે. જ્યારે કર્ણાટકમાં રિકવરી રેટ ૨૧ ટકા છે. બીજી તરફ રાજસ્થાનમાં ઈ-મેમો ચૂકવણી પ્રત્યે સૌથી વધુ ૭૬ ટકા નાગરિકો સજાગ છે. બિહારમાં મેમો રિકવરી રેટ ૭૧ ટકા અને મધ્યપ્રદેશમાં ૬૬ ટકા છે. ઉલ્લેખનીય છે, ચાલુ કેલેન્ડર વર્ષમાં દિલ્હીમાં અત્યારસુધી કુલ રૂ. ૪૪૬૮ કરોડના ૫.૩ કરોડ ઈ-મેમો ઈશ્યુ થયા છે. જ્યારે રાજસ્થાનમાં રૂ. ૨૩૩૩ કરોડના ૮૭.૭ લાખ ઈ-મેમો ઈશ્યુ થયા છે.

ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ વ્હિકલના માલિક કે ડ્રાઈવરને ત્રણ દિવસની અંદર ઈ-મેમો નોટિસ મોકલવામાં આવશે. જેની ચૂકવણી ૩૦ દિવસની અંદર કરવાની રહેશે.

જો ૩૦ દિવસની અંદર ચૂકવણી ન થાય તો કોર્ટ સમક્ષ મેમો રજૂ કરવામાં આવશે. તેમ છતાં ૯૦ દિવસની અંદર ચૂકવણી કરવામાં ન આવી તો ડ્રાઈવિંગ લાયસન્સ અથવા રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ (આરસી) પેમેન્ટ ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવા ઓર્ડર આપવામાં આવશે.

### જળાશયોમાં પાણીની સંગ્રહ અંગે ચોંકાવનારો રિપોર્ટ

## દેશના ૧૬૧ જળાશયોમાં ૪૨% પાણી, એક સપ્તાહમાં ૩% પાણી ઘટ્યું

### ઉત્તર અને પૂર્વ ભારતમાં આવેલા ૩૮ જળાશયોમાં ગયા વર્ષની સરખામણીએ પાણીનું સ્તર સાત ટકાથી આઠ ટકા ઓછું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં ધગધતી ગરમી શરૂ થઈ નથી, તે પહેલા દેશના જળાશયોમાં પાણીની સંગ્રહ અંગે ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. કેન્દ્રીય જળ આયોગ જળાશયોમાં પાણી અંગેનો સાપ્તાહિત રિપોર્ટ જાહેર કરાયો છે, જેમાં દેશભરના ૧૬૧ જળાશયોમાં વર્તમાનમાં ૪૨ ટકા પાણી હોવાનું તેમજ એક સપ્તાહમાં ત્રણ ટકા પાણી ઘટ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ તમામ જળાશયોની કુલ સંગ્રહ ક્ષમતા ૨૫૭.૮૧૨ અબજ ઘન મીટર સામે વર્તમાન સમયમાં ૧૮૨.૮૫૨ બીસીએમ પાણી સંગ્રહ થયેલો છે. આ જળાશયોમાં ૨૭ માર્ચ સુધીમાં કુલ ૭૭.૩૨૪ બીસીએમ એટલે કે ૪૨% ટકા પાણી ભરાયેલું છે. બીજીતરફ રાહતની વાત એ છે કે, આ વર્ષની શરૂઆતમાં આ જળાશયોમાં પાણીનો સારો સંગ્રહ કરવામાં આવ્યો હતો.

છેલ્લા કેટલાક અઠવાડિયામાં આ જળાશયોના જળસ્તરમાં ઘટાડો થયો છે. ૨૦ માર્ચની સ્થિતિની તુલના કરીએ તો પાણીના જળસ્તરમાં ત્રણ ટકાનો ઘટાડો થયો છે ૨૦ માર્ચે ૮૦.૭૦૦ બીસીએમ જળસ્તર હતું, જે હવે ઘટીને ૭૭.૩૨૪ બીસીએમ પર પહોંચી ગયું છે. જોકે આ ઘટાડો છતાં છેલ્લા ૧૦ વર્ષની સ્થિતિ મુજબ વર્તમાન સમયમાં સરેરાસ સારું છે, બીજીતરફ ચિંતાજનક વાત એ છે કે, જેમ જેમ તાપમાન વધતું જશે, તેમ તેમ જળસ્તર ઘટવાની સંભાવના છે. જો જળાશયોની સ્થિતિને પ્રદેશ મુજબ વાત કરવામાં આવે તો, ઉત્તર અને પૂર્વ ભારતમાં આવેલા ૩૮ જળાશયોમાં ગયા વર્ષની સરખામણીએ પાણીનું સ્તર સાત ટકાથી આઠ ટકા ઓછું જોવા મળ્યું છે. કેટલાક રાજ્યોમાં જળાશયોમાં પાણીનું સ્તર ગયા વર્ષની સરખામણીમાં ઘટ્યું છે, જેમાં પંજાબ, રાજસ્થાન, હિમાચલ, ઝારખંડ અને બિહારનો સમાવેશ થાય છે. રિપોર્ટ મુજબ દક્ષિણ ભારતના પાંચ રાજ્યોના ૪૩ જળાશયોમાં કુલ ૫૪.૯૩ બીસીએમ પાણી સંગ્રહણ કરવાની ક્ષમતા છે, જેની સામે વર્તમાન સમયમાં ૨૧.૨૩ (૩૯ ટકા) પાણી છે. એવી જ રીતે મધ્ય ભારતના ચાર રાજ્યોના ૨૬ જળાશયોમાં ૪૮.૫૮ બીસીએમની સમક્ષા સામે ૨૨.૭૫૫ (૪૭ટકા), પશ્ચિમ ભારતના ત્રણ રાજ્યોના ૫૦ જળાશયોમાં ૩૭.૩૫ બીસીએમની ક્ષમતા સામે ૧૯.૧૮ (૫૧ ટકા), પૂર્વ ભારતના ૯ રાજ્યોના ૨૭ જળાશયોમાં ૨૧.૬૫ બીસીએમની ક્ષમતા સામે ૯.૪૧ (૪૩ ટકા) અને ઉત્તર ભારતના ત્રણ રાજ્યોના ૪૩ જળાશયોમાં કુલ ૧૯.૮૩ બીસીએમ પાણીની સંગ્રહ ક્ષમતા સામે વર્તમાન સમયમાં ૪.૭૩ (૨૪ ટકા) પાણી છે. આમ દક્ષિણ ભારતના જળાશયોમાં ૨૦૨૪માં ૨૨ ટકા પાણી હતું, જે હવે ૩૯ ટકા છે. મધ્ય ભારતમાં ૪૪ ટકા સામે ૪૭ ટકા, પશ્ચિમ ભારતમાં ૪૨ ટકા સામે ૫૧ ટકા, પૂર્વ ભારતમાં ૪૯ ટકા સામે ૪૩ ટકા અને ઉત્તરભારતમાં ૨૦૨૪માં ૩૨ ટકા જળસ્તર સામે વર્તમાન સમયમાં ૨૪ ટકા જળસ્તર છે. પંજાબ અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોમાં ગત વર્ષની તુલનાએ ૭ ટકાથી ૮ ટકા પાણીનો ઘટાડો થયો છે. રાજસ્થાન, ઝારખંડ અને બિહાર જેવા રાજ્યોમાં પરણ જળાશયોમાં ગત વર્ષની તુલનાએ આ વર્ષે જળસ્તર ઘટ્યું છે.

## નોઈડામાં લેમ્બોર્ગિની લઈને જતા યુવકે શ્રમિકોને કચડ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા

ઉત્તર પ્રદેશના નોઈડામાં રવિવારે (૩૧ માર્ચ) એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. નોઈડા સેક્ટર ૧૨૬માં સાંજે લેમ્બોર્ગિની કાર ડ્રાઈવરે ફૂટપાથ પર બેઠેલા બે શ્રમિકોને કચડી નાંખ્યા હતાં. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. વળી, ઘટનાસ્થળે જ્યારે લોકોએ ડ્રાઈવરને રોક્યો અને પોલીસને બોલાવવાની વાત કરી તો જાણે તેને કોઈનો ડર જ ન હોય તેમ ખૂબ જ આરામથી લોકોને પૂછી રહ્યો છે કે, શું કોઈ મરી ગયું?

લેમ્બોર્ગિની કાર દ્વારા સર્જાયેલા અકસ્માત બાદ લોકોએ ડ્રાઈવરને ઘેરી લીધો હતો. જ્યારે લોકોએ કહ્યું, તને બહુ સ્ટંટબાજી કરવી છે? તો દીપક નામનો આરોપી કારની અંદરથી ખૂબ જ આરામથી બહાર આવ્યો ત્યારે લોકોએ પૂછ્યું તને ખબર છે કેટલાં લોકોના મોત થયા? આ સાંભળીને આરોપી સામે લોકોને પૂછે છે કે, શું કોઈ મરી ગયું? મેં થોડી જ રેસ આપી હતી. આ અકસ્માતનો અમુક સેકન્ડનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. જેમાં જોવા મળી રહ્યું છે કે, અકસ્માત બાદ કાર ડિવાઈડર પર ચઢી ગઈ છે અને ડ્રાઈવર અંદર જ બેઠો છે. બાદમાં એક વ્યક્તિ ગેટ ખોલાવીને ડ્રાઈવરને પૂછે છે કે, તને ખબર છે અકસ્માતમાં કેટલાં લોકો મરી ગયા? જેના જવાબમાં આરોપી પૂછે છે કે, શું કોઈ મરી ગયું? કારની બહારનો વ્યક્તિ ડ્રાઈવરને સ્ટંટ કરવાની વાત કહી તો, આરોપીએ રેસ માટે એક્સીલેટર વધારવાની વાતની કબૂલાત કરી હતી.

પોલીસનું કહેવું છે કે, દીપક ગાડી ખરીદ-વેચાણ માટે બ્રોકરનું કામ કરે છે. એક વ્યક્તિ માટે લેમ્બોર્ગિની ખરીદવાની હતી. જ્યારે આરોપી ટેસ્ટ ડ્રાઈવ કરતો હતો ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

કાર ચાલકે પૂછપરછ દરમિયાન જણાવ્યું કે, અચાનક ગાડી બેકાબૂ થઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ, જે લેમ્બોર્ગિનીથી કાર અકસ્માત થયો છે, ભારતમાં તેની કિંમત ૪ થી ૯ કરોડ રૂપિયા છે. હાલ, કારની કિંમત અને તેનો માલિક કોણ છે, તેની તપાસ કરવામાં આવી રહી છે.

### રેલી છોડીને ભાગ્યા કન્હૈયા કુમાર

## બિહારના અરરિયામાં કોંગ્રેસની યાત્રામાં બબાલ

### કોંગ્રેસની 'પલાયન રોકો, નૌકરી દો યાત્રા'માં કોંગ્રેસ નેતા કન્હૈયા કુમાર સાથે સેલ્ફી લેવાના ચક્કરમાં ભારે બબાલ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારમાં અરરિયા જિલ્લામાં કોંગ્રેસની 'પલાયન રોકો, નૌકરી દો યાત્રા'માં કોંગ્રેસ નેતા કન્હૈયા કુમાર સાથે સેલ્ફી લેવાના ચક્કરમાં ભારે બબાલ થઈ છે. અહીં કેટલાક કાર્યકર્તાઓ કન્હૈયા કુમાર પાસે સેલ્ફી લેવા તેમની નજીક ગયા હતા. આ દરમિયાન તેમના સુરક્ષા કર્મીઓએ અટકાવવાનો પ્રયાસ કરતા કેટલાક કાર્યકર્તાને ધક્કો લાગતા મામલો બિચક્યો. તેથી સુરક્ષા કર્મીઓ અને કાર્યકર્તાઓ વચ્ચે મારામારી થયાનું પણ કહેવાય છે. બીજી તરફ કોંગ્રેસે પણ રેલીમાંથી નીકળી જવા મુદ્દે કન્હૈયા કુમારનો બચાવ કર્યો છે. પાર્ટીના કાર્યકર્તાના જણાવ્યા અનુસાર, કોંગ્રેસની યાત્રા એસએસબી પરિસર પાસે પહોંચી, ત્યારે કેટલાક કાર્યકર્તાઓ સેલ્ફી લેવા માટે એક-બીજાને ધક્કા મારી રહ્યા હતા. આ દરમિયાન સુરક્ષા કર્મીઓ અને કાર્યકર્તાઓ વચ્ચે વિવાદ થયો હતો, જેના કારણે કુમારે અધવચ્ચે જ યાત્રા છોડીને જતું રહેવું પડ્યું છે. ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર રવિવારે (૩૦ માર્ચ) વાયરલ થયો છે, જોકે આ વીડિયોની કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. આ ઘટના અરરિયા સ્થિત એસએસબી પરિસર પાસે બની છે. પશ્ચિમ બંગાળ જિલ્લાના ભિતિહરવા આશ્રમથી ૧૬મી માર્ચે કોંગ્રેસની યાત્રા શરૂ થઈ હતી. આ તે જ જગ્યા છે, ત્યાં મહાત્મા ગાંધીએ ૧૯૧૭માં પ્રસિદ્ધ ચંપારણ સત્યાગ્રહ શરૂ કર્યો હતો. કોંગ્રેસની આ યાત્રાના ૧૫માં દિવસે કુમાર અરરિયા પહોંચ્યા હતા. અરરિયા જિલ્લાના કોંગ્રેસ અધ્યક્ષ જાકિર અનવરે કુમારનો બચાવ કરતા મીડિયાને કહ્યું કે, 'કન્હૈયા કુમારની પાર્ટીના ટોચના નેતા સાથે મહત્ત્વની બેઠક હોવાથી, તેમણે અધવચ્ચે જ યાત્રા છોડીને જવું પડ્યું છે. કન્હૈયા કુમારના ગયા બાદ યાત્રા ચાલુ રહેશે. તેઓ સોમવારે યાત્રામાં જોડાશે.'જાકિર અનવરે કહ્યું કે, 'આ યાત્રા બિહારના યુવાઓના અધિકારો અને રોજગારની લડાઈ માટે યોજાઈ છે. યાત્રા ૨૪ દિવસ સુધી યોજાશે, જે ત્રણ તબક્કામાં આખા રાજ્યભરમાંથી પસાર થશે અને ૧૪ એપ્રિલે બાબાસાહેબ આંબેડકર જયંતીએ યાત્રાનું પટણામાં સમાપન થશે.

### ONGCએ મહોર લગાવી

## યુપીમાં સ્વતંત્રતા સેનાનીની જમીન નીચે તેલનો ભંડાર

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

દેશનું સૌથી મોટું રાજ્ય ઉત્તર પ્રદેશ છેલ્લા ઘણા દિવસોથી સમાચારોમાં છે. યુપીમાં તેલનો ભંડાર મળી આવ્યો હોવાના અહેવાલ હતા.

હવે ONGCએ આ સમાચારોને મંજૂરી આપી દીધી છે. રિપોર્ટ અનુસાર, સ્વતંત્રતા સેનાની ચિટ્ટુ પાંડેની જમીન નીચેથી જંગી માત્રામાં તેલનો ભંડાર મળી આવ્યો છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) એ આ શોધની પુષ્ટિ કરી છે. આ જમીન યુપીના બલિયામાં છે.

બલિયાના સાગરપાલી ગામમાં ગંગા નદીના તટની આસપાસ છેલ્લા ૩ મહિનાથી સર્વેની કામગીરી ચાલી રહી હતી. ભૂગર્ભમાં લગભગ ૩,૦૦૦ ફૂટની ઊંડાઈએ તેલનો ભંડાર મળી આવ્યો છે. તાજેતરની માહિતી અનુસાર, આ કાચા તેલ પ્રયાગરાજના સાગરપાલી ગામથી ફાફામૌ સુધી લગભગ ૩૦૦ કિલોમીટરના વિસ્તારમાં હાજર છે.

ONGC આ વિસ્તારમાં લાંબા સમયથી ક્રૂડ ઓઈલની શોધ કરી રહી હતી. આ માટે કંપનીએ ઘણા સ્થાનિક ખેડૂતો પાસેથી લીઝ પર જમીન લીધી હતી. આ યાદીમાં ચિટ્ટુ પાંડેનું નામ પણ સામેલ છે. સાડા છ એકર સુધીની જમીન તેમના પરિવાર પાસેથી લીઝ પર લેવામાં આવી છે. આ માટે ONGC ચિટ્ટુ પાંડેના પરિવારને દર વર્ષે ૧૦ લાખ રૂપિયાનું ભાડું ચૂકવશે.

ઓએનજીસીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેલના ભંડાર શોધવા માટે, કંપનીએ ૩૦૦૦ ફૂટ ઊંડો ખાડો ખોદ્યો હતો, જેમાં દરરોજ ૨૫,૦૦૦ લિટર પાણીનો ઉપયોગ થતો હતો. આ ખોદકામ એપ્રિલ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. કંપની ૩૦૦ કિલોમીટરના વિસ્તારમાં ખોદકામ કરશે. આ પ્રોજેક્ટ બલિયાથી ફાફમાળ સુધીનો હશે. તેલના ભંડારની ઉપલબ્ધતાથી મોટી સંખ્યામાં ખેડૂતોને ફાયદો થવાનો છે.

# તંત્રી લેખ......

## રાજકીય નેતાઓને પગાર-ભથ્થાંમાં વધારા સામે વાંધો નથી હોતો!

મેરા ભારત મહાન કહી ગૌરવ લેતી પ્રજામાંથી મોંઘવારીની બૂમ કાયમ જ ઊઠે છે. પગાર વધારા માટે હડતાળ પ્રજા પાડે છે. એ રાજકીય હોદ્દા ધરાવનારે પાડવી પડતી નથી. કેમ કે સાંસદો કે ધારાસભ્યોના પગાર-ભથ્થાંમાં વધારો થઈને જ રહે છે, પણ અન્ય નોકરિયાતોને વધારો આપવામાં સરકારનો હાથ કાયમ તંગ રહે છે. સાંસદોનું પેન્શન સીધું ૬૦૦૦ વધીને, ૨૫૦૦૦,૩૧૦૦૦ થયું, તો કેટલાકને આજની તારીખમાં પગાર જ ૬૦૦૦ ન હોય તો તેનું પેન્શન કેટલુંક હોય તે સમજી શકાય એવું છે.

સત્તાધીશોને, પગાર કે ભથ્થાં વધારા માટે કારણો હાથવગાં હોય છે. ઘણી વાર તો પગાર કે ભથ્થાંમાં થતો માસિક વધારો કોઈ નોકરિયાતના માસિક પગાર કરતાં પણ વધારે હોય છે. આ વધારા માટે કોઈ સાંસદ કે ધારાસભ્ય ને વાંધો નથી હોતો, એટલું જ નહીં, ઢગલો વાંધાઓ પાડનાર વિપક્ષો પણ આ મામલે એક થઈ જાય છે. કોઈને આ વધારો ક્યારેય વધારે લાગતો નથી. હજી તો સાંસદોનો ૨૪ ટકા પગાર વધારો જાહેર જ થયો છે, ત્યાં ગુજરાત વિધાનસભા ગૃહમાં આપ પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા તથા કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરીએ તમામ ધારાસભ્યોની ઈચ્છાનો પડઘો પાડતા હોય તેમ પગારમાં તથા ગ્રાન્ટમાં વધારો કરવાની માંગ કરી છે, તે સાથે જ પૂર્વ ધારાસભ્યોને અન્ય રાજ્યોને અપાતાં પેન્શનની સમકક્ષ પેન્શન આપવાની માંગ દોહરાવાઈ છે. સરકાર પોતાના પેન્શનમાં જ ૬૦૦૦નો વધારો જરાય સંકોચ વગર કરી શકે, તો ૭૫ લાખથી વધુ વૃદ્ધોની જીવન નૈયા બેલેન્સ કરે એટલું થાય તોય ઉપકાર જ થશે. દેશભરના ૭૫ લાખથી વધુ, વિવિધ વર્ગના પેન્શનરોને ઈપીએફ-૯૫માં ૪૧૭, ૫૪૧, ૧૨૫૦ જેવું પેન્શન મળે છે, તે કેવી રીતે જીવતા હશે? તેઓ ૬૫-૭૦ની ઉંમરે 'આત્મનિર્ભર' હોવા જોઈએ, પણ લાચાર છે, દયાપાત્ર છે. સંતાનો, ઓછાં પેન્શનિયાં માબાપને સાચવી લે તો નસીબ, બાકી, એટલાં પેન્શનમાં તો જીવવું ખુબ મોંઘું પડે એ સ્થિતિનો કોઈ ઉકેલ ક્યારે મળશે એ હજી પણ નક્કી નથી. નિવૃત્ત કર્મચારી મંડળે આવેદન આપી માસિક પેન્શન ૭૫૦૦ કરવા રજૂઆત કરી છે. રાજકીય આગેવાનોને એ વાતનો પણ સંકોચ નથી કે પૂર્વ સાંસદોની ટર્મ પૂરી થતાં પેન્શન ઉપરાંત વધારાનું પેન્શન ૨૦૦૦થી વધારીને ૨૫૦૦ કર્યું, તો બીજી તરફ ઘણાં ક્ષેત્રોમાં પેન્શન નકારીને પેન્શનરોનું ભવિષ્ય જ રૂંધાઈ રહ્યું છે. નિવૃત્તિ પછી પેન્શન વગેરે લાભો ન આપવા પડે એટલે સરકાર કાયમી શિક્ષકોની ભરતી કરવાને બદલે જ્ઞાન સહાયકોથી ચલાવે છે. મોટે ભાગે તો હડતાળ કે વિરોધ વગર પ્રજાની ગાડી પાટે ચડતી જ નથી. જેમનો વિરોધ વાંઝિયો છે એ પેન્શનર્સનું પેન્શન અપડેટ થતું જ નથી. ૨૦૦૬માં સાંસદોનો પગાર ૧૨૦૦૦ હતો, તે ૨૦૨૫ સુધીમાં ૯૩૩ ટકા વધીને ૧,૨૪,૦૦૦ થઈ જતો હોય, તો પણ એવું ન પુછાય, કે બીજા કોના પગારમાં ૧૯ વર્ષમાં ૯૩૩ ટકાનો વધારો થયો છે? નોકરીઓ લાખોમાં આપવાની વાતો થાય છે, પણ શિક્ષિત બેકારી ઘટતી નથી. બે છેડા ભેગા કરતાં ઘણી વાર છેડો મુકાઈ જતો હોય, ત્યાં વિના વિરોધ બધા છેડા સંસદમાં પગારને મામલે ભેગા થઈ જતા હોય, એ કેવું

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.૯૦,૨૮૪ની વિક્રમજનક સપાટીએ પહોંચ્યોઃ ચાંદીમાં રૂ. ૨૬૦ની તેજી

**ઈદ નિમિત્તે પ્રથમ સત્રનાં કામકાજ બંધ રહ્યાઃ બીજા સત્રનાં કામકાજ રાબેતા મુજબ ચાલુઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૬નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૨૦.૪૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૪૧૯.૯૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૬૨૧.૩૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૧૩૬૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ઈદ નિમિત્તે જાહેર રજા હોવાથી પ્રથમ સત્રનાં કામકાજ બંધ રહ્યાં હતાં, જ્યારે બીજા સત્રનાં કામકાજ રાબેતા મુજબ ચાલુ રહ્યા હતા. સાંજે ૬ વાગ્યા સુધીમાં એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૯૪૦.૫૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૨૦.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૪૧૯.૯૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૨૧૩૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૯૬.૭૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૬૨૧.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯૪૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૦૨૮૪ અને નીચામાં રૂ.૮૯૪૦૦ના મથાળે અથડાઈ, રૂ.૮૮૮૦૬ના આગલા બંધ સામે રૂ.૧૨૭૭ વધી રૂ.૯૦૦૮૩ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૭૬ વધી રૂ.૭૨૫૫૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૦૭ વધી રૂ.૯૧૩૭ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૭૭ વધી રૂ.૯૦૧૩૬ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૫૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૮૭૯ અને નીચામાં રૂ.૧૦૦૪૭૭ના મથાળે અથડાઈ, રૂ.૧૦૦૪૫૭ના આગલા બંધ સામે રૂ.૨૬૦ વધી રૂ.૧૦૦૭૧૭ના ભાવે બોલાયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૮૦ વધી રૂ.૧૦૦૬૭૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૮૯ વધી રૂ.૧૦૦૬૮૦ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૯૬.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૭.૨ ઘટી રૂ.૮૯૦.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૧.૫૫ ઘટી રૂ.૨૬૮.૫૫ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૨.૧૫ ઘટી રૂ.૨૪૭.૪૫ થયો હતો. સીસું એપ્રિલ વાયદો ૭૦ પૈસા ઘટી રૂ.૧૭૯.૩ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૬૦૨.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૫૯૩૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૯૬૯ અને નીચામાં રૂ.૫૯૩૪ના મથાળે અથડાઈ, રૂ.૫૯૪૬ના આગલા બંધ સામે રૂ.૧૬ વધી રૂ.૫૯૬૨ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૬ વધી રૂ.૫૯૬૪ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૦.૭ વધી રૂ.૩૫૮.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૦.૯ વધી રૂ.૩૫૮.૬ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૯૯૭.૮૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૨૩.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૨૧૫.૬૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭.૬૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૮.૩૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૫.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૪.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૪૭.૬૧ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૦૮૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૦૭૭૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૭૬૭૭ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૮૭૮૪૪ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૩૨૬૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૩૬૬૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૨૨૪૦૦ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૬૦૨૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૪૪૪૬ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૨૧૩૨૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૧૩૬૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૧૩૨૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૭૭ પોઈન્ટ વધી ૨૧૩૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૩ વધી રૂ.૧૨૩.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૬ વધી રૂ.૨૦.૩ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૯૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૧.૫ વધી રૂ.૫૮૩ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૩૬ વધી રૂ.૬૫૩ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૫૯ ઘટી રૂ.૧૦.૩૩ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૧ પૈસા ઘટી રૂ.૧.૭૮ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૧૫ વધી રૂ.૧૨૬.૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૮૫ વધી રૂ.૨૦.૪ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૧.૫ વધી રૂ.૧૪૭૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪૬.૫ વધી રૂ.૨૦૧૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૭ ઘટી રૂ.૧૨૨.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૨૫ ઘટી રૂ.૨૧.૨ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૮૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૦.૫ ઘટી રૂ.૭૬૬.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૧.૫ વધી રૂ.૨૨૦૦ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૦૭ વધી રૂ.૨૦ થયો હતો. જસત એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૮ પૈસા વધી રૂ.૪.૩૯ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૧૫ ઘટી રૂ.૧૨૫.૨૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૪ ઘટી રૂ.૨૧.૪૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૮૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૮.૫ ઘટી રૂ.૮૮૫.૫ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૬ વધી રૂ.૨૧૪૩.૫ થયો હતો.

### ટોલ ટેક્સમાં પથી ૪૦ રૂપિયાનો વધારો કરાયો

# નેશનલ અને સ્ટેટ હાઈવે પરના ટોલ ટેક્સમાં ૧ એપ્રિલથી વધારો

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર કાર અને જીપ જેવા વાહનો માટે હાલના ૧૩૫ના બદલે હવે ૧૪૦ ટોલ ચૂકવવો પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા નેશનલ હાઈવે પર ટોલ ટેક્સમાં રૂપિયા પાંચથી ૪૦ સુધીનો વધારો ઝીંકાયો છે. આ ભાવ વધારો પહેલી એપ્રિલથી રાજ્યના વિવિધ ટોલ પ્લાઝા પર લાગૂ કરાશે. આગામી ૧ એપ્રિલથી અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર મુસાફરી કરનારા વાહનચાલકોને હવે વધુ ટોલ ચૂકવવો પડશે. નવા ભાવ મુજબ, કાર અને જીપ જેવા વાહનો માટે હાલના ૧૩૫ના બદલે હવે ૧૪૦ ટોલ ચૂકવવો પડશે. આ જ રીતે, બસ અને ટ્રક જેવા મોટા વાહનો માટે ટોલની કિંમત ૪૬૫થી વધીને ૪૮૦ થશે.

અમદાવાદ-વડોદરા વચ્ચેના નેશનલ હાઈવે ૪૮ પર પણ ટોલના દરમાં વધારો કરવામાં આવ્યો છે. વડોદરાથી આણંદ સુધી કારમાં મુસાફરી કરવા માટે હવે રૂ.૫૦ના બદલે રૂ.૫૫ ટોલ ચૂકવવો પડશે, જ્યારે વડોદરાથી નડિયાદ સુધીનો ટોલ રૂ.૭૦થી વધીને ૭૫ થશે. આ ઉપરાંત, રઘવાણજ ટોલ પ્લાઝા પર કાર અને જીપ માટે ટોલની કિંમત ૧૧૦ થઈ જશે, જ્યારે વાસદથી વડોદરા સુધી કાર અને જીપ માટે હવે ૧૬૦ ટોલ લેવામાં આવશે. ભરથાણા ટોલપ્લાઝા પર પણ કાર અને જીપની ટોલ ફી ૧૫૫થી વધીને ૧૬૦ થઈ જશે.

આમ, ૧ એપ્રિલથી રાજ્યના વિવિધ ટોલ પ્લાઝા પર ટોલના ભાવમાં વધારો થવાથી વાહનચાલકોના મુસાફરી ખર્ચમાં વધારો થશે, જે મોંઘવારીના સમયમાં તેમના માટે વધુ એક બોજ સાબિત થઈ શકે છે. આ નવા ટોલના દર આગામી નાણાકીય વર્ષની શરૂઆત સાથે જ લાગુ થઈ જશે. અમદાવાદ - વડોદરા વચ્ચેના એક્સપ્રેસ વે ટોલ ટેક્સમાં વધારો થતાં હવે કાર-જીપ ચાલકે રૂપિયા ૧૩૫ના બદલે ૧૪૦ રૂપિયા, રિટર્નમાં રૂપિયા ૨૦૫ના બદલે રૂપિયા ૨૧૫, એલસીવીના રૂપિયા ૨૨૦ના બદલે ૨૩૦, રિટર્નમાં રૂપિયા ૩૩૦ના બદલે રૂપિયા ૩૪૫ અને બસ-ટ્રકના ચાલકે રૂપિયા ૪૬૫ના બદલે રૂપિયા ૪૮૦ અને રિટર્નમાં ૭૨૦ના બદલ ૭૬૦ રૂપિયા પડશે.

નવસારીના બોરિયાચ ટોલ ટેક્સ પર ટોલમાં પણ વધારો લાગુ થશે. બોરિયાચમાં માત્ર સાડા ચાર મહિના બાદ ફરી ટોલ ટેક્સમાં વધારો થયો છે. લાઈટ મોટર વ્હીકલના ૧૧૫ની જગ્યાએ ૧૨૦ રૂપિયા ચૂકવવાના રહેશે. કોમર્શિયલ વ્હીકલના ૧૯૦ની જગ્યાએ ૧૯૫ રૂપિયા ચૂકવવાના રહેશે.બસ અને ટ્રકના ૩૯૫ની જગ્યાએ ૪૧૦ ચૂકવવાના રહેશે.મલ્ટી એક્સલ વાહનોના ૬૨૦ની જગ્યાએ ૬૪૦ ચૂકવવાના રહેશે,મોટા વાહનોના ૭૫૫ની જગ્યાએ ૭૮૦ ચૂકવવાના રહેશે.

કરનાલના ઘરૌંડા ટોલ પ્લાઝાની. અહીં ટોલના ભાવમાં ૫ રૂપિયાથી લઈને ૪૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. નવા દર મુજબ, હવે કાર, જીપ અને વેન માટે એક તરફનો ટોલ ૧૯૫ રૂપિયા હશે, જ્યારે આવવા-જવાનો ટોલ ૨૯૦ રૂપિયા રહેશે. આ ઉપરાંત, માસિક પાસ માટે તમારે હવે ૬૪૨૫ રૂપિયા ચૂકવવા પડશે. ઘરૌંડા ટોલના દરમાં વધારો થવાથી દિલ્હીથી ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીર તરફ જતા વાહનોને સીધી અસર થશે.

ફરિદાબાદ અને પલવલ વચ્ચે આવેલા ગદપુરી ટોલ પ્લાઝા પર પણ ટોલના દરમાં ૫ રૂપિયાથી લઈને ૨૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. હાલમાં કાર દ્વારા એક તરફનો ટોલ ૧૨૦ રૂપિયા વસૂલવામાં આવે છે, જે આજથી ૫ રૂપિયા વધીને ૧૨૫ રૂપિયા થશે. તે જ સમયે, આવવા-જવા માટે તમારે ૧૮૦ રૂપિયાના બદલે ૧૮૫ રૂપિયા ચૂકવવા પડશે. વ્યાપારી વાહનો માટે એક તરફનો ટોલ ૧૯૦ રૂપિયાથી વધીને ૧૯૫ રૂપિયા અને બંને તરફનો ટોલ ૨૮૦ રૂપિયાથી વધીને ૨૯૦ રૂપિયા થશે.

ગુરુગ્રામમાં આવેલા ખેડકી દૌલા ટોલ પર પણ વાહનચાલકોને હવે ૫ રૂપિયા વધુ ચૂકવવા પડશે. અહીં ખાનગી કાર, જીપ અને વેન માટે ટોલ ૮૫ રૂપિયા, લાઈટ મોટર વ્હીકલ અને મીની બસ માટે ૧૨૫ રૂપિયા અને બસ તથા ટ્રક (2XL) માટે ૨૫૫ રૂપિયા રહેશે. વ્યાપારી કાર, જીપ અને વાન માટે માસિક પાસ ૧૨૫૫ રૂપિયા, લાઈટ મોટર વ્હીકલ અને મીની બસ માટે ૧૮૫૦ રૂપિયા અને બસ તથા ટ્રક (2XL) માટે ૩૭૭૦ રૂપિયા રહેશે.

મહેન્દ્રગઢમાં હાઈવે નંબર 148B પર સિરોહી બહાલી નંગલ ચૌધરી અને હાઈવે નંબર 152D પર નારનૌલમાં જાટ ગુવાના ખાતેના ટોલના દરોમાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.દિલ્હી-પટિયાલા નેશનલ હાઈવે પર જીંદમાં આવેલા ખટકર ટોલ પ્લાઝા પર પણ ટોલના ભાવમાં ૫ રૂપિયાથી લઈને ૨૫ રૂપિયા સુધીનો વધારો થયો છે. હાલમાં ખટકર ટોલ પર કાર, જીપ અને વાન માટે એક તરફનો ટોલ ૧૨૦ રૂપિયા અને બંને તરફનો ટોલ ૧૮૦ રૂપિયા છે. આજથી કાર, જીપ અને વાન માટે એક તરફનો ટોલ ૧૨૫ રૂપિયા અને બંને તરફનો ટોલ પણ ૧૮૫ રૂપિયા થશે. હળવા વ્યાપારી વાહનો માટેનો ટોલ બંને તરફનો ૨૯૦ રૂપિયાથી વધીને ૩૦૦ રૂપિયા થશે, જ્યારે બસ અને ટ્રક માટે એક તરફનો ટોલ ૪૦૫ રૂપિયાથી વધીને ૪૨૦ રૂપિયા થશે. ઝજ્જર જિલ્લામાં આવેલા કુલ ૫ ટોલમાંથી ૨ કેએમપી એક્સપ્રેસ વે પર બદલી અને મંડોથી ખાતે આવેલા છે અને અહીંથી પસાર થવા પર પણ વાહનચાલકોને હવે વધુ ટોલ ચૂકવવો પડશે.

### દિલ્હી પોલીસે રેપ કેસમાં ધરપકડ કરી

# ડાયરેક્ટર સનોજ મિશ્રાની દિલ્હી પોલીસે ધરપકડ કરી

## સનોજ મિશ્રા પર ઝાંસીની એક યુવતીનું ફિલ્મોમાં કામ અપાવવાની લાલચ આપીને જાતીય શોષણનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રયાગરાજ મહાકુંભ મેળામાં માળા વેચનારી વાઈરલ ગર્લ મોનાલીસાને ફિલ્મમાં કામ આપવાની ઑફર આપનારા ડાયરેક્ટર સનોજ મિશ્રાની દિલ્હી પોલીસે રેપ કેસમાં ધરપકડ કરી છે. દિલ્હી હાઈકોર્ટ દ્વારા તેની જામીન અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ નબી કરીમ પોલીસ સ્ટેશને આ કાર્યવાહી કરી હતી. સનોજ મિશ્રા પર ઝાંસીની એક યુવતીનું ફિલ્મોમાં કામ અપાવવાની લાલચ આપીને જાતીય શોષણ કર્યું અને પછી ધમકીઓ આપીને તેને ચૂપ રાખવાનો આરોપ છે.

પીડિતાએ જણાવ્યું કે, સનોજ મિશ્રા સાથે મારી મુલાકાત ૨૦૨૦માં ટિકટોક અને ઈન્સ્ટાગ્રામ દ્વારા થઈ હતી. તે સમયે હું ઝાંસીમાં રહેતી હતી. થોડા સમય સુધી ચેટ અને વાતચીત બાદ ૧૭ જૂન, ૨૦૨૧ના રોજ સનોજે મને ફોન કરીને કહ્યું કે હું ઝાંસી રેલવે સ્ટેશન પર પહોંચી ગયો છું.

સામાજિક દબાણનો હવાલો આપીને મેં તેને મળવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ સનોજે આત્મહત્યા કરવાની ધમકી આપી હતી. ડરના કારણે હું તેને મળવા ગઈ. બીજા દિવસે ૧૮ જૂન, ૨૦૨૧ના રોજ સનોજે ફરીથી મને આત્મહત્યા કરવાની ધમકી આપીને રેલવે સ્ટેશન પર બોલાવી અને ત્યાંથી મને એક રિસોર્ટમાં લઈ ગયો જ્યાં તેણે મને માદક પદાર્થ ખવડાવીને મારી સાથે દુષ્કર્મ આચર્યું. પીડિતાએ પોતાની FIRમાં જણાવ્યું કે, સનોજે મારા વાંધાજનક ફોટોગ્રાફ્સ અને વીડિયો બનાવ્યા હતા અને જો હું તેનો વિરોધ કરું તો તેને જાહેર કરી દેવાની ધમકી આપી હતી. ત્યારબાદ લગ્નની લાલચ આપી સનોજે મને ઘણી વખત અલગ-અલગ જગ્યાએ બોલાવી અને મારી સાથે શારીરિક સંબંધો બાંધ્યા અને ફિલ્મોમાં કામ અપાવવાની લાલચ આપી. આ જ આશા સાથે હું મુંબઈ જતી રહી અને સનોજ સાથે રહેવા લાગી. ત્યાં પણ સનોજે મારું શોષણ કરવાનું ચાલુ રાખ્યું અને ઘણી વખત મારપીટ કરી. પીડિતાએ આરોપ લગાવ્યો છે કે, સનોજે ત્રણ વાર બળજબરીપૂર્વક ગર્ભપાત કરાવી દીધું. ફેબ્રુઆરી ૨૦૨૫માં સનોજે મને છોડી દીધી અને ધમકી આપી કે જો હું ફરિયાદ કરીશ તો મારા અશ્લીલ ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ કરી દઈશ. દિલ્હી પોલીસે પીડિતાની ફરિયાદ પર સનોજ મિશ્રા વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. તપાસ બાદ તેની ધરપકડ કરવામાં આવી છે. સનોજે જામીન માટે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, પરંતુ કોર્ટે તેની અરજી ફગાવી દીધી હતી. આ પછી પોલીસે તેને કસ્ટડીમાં લીધો છે. આ મામલો ત્યારે વધુ ચર્ચામાં આવ્યો જ્યારે સનોજનું નામ મહાકુંભ મેળાની વાઈરલ ગર્લ મોનાલીસા સાથે જોડાયું, જેને તેણે પોતાની ફિલ્મ 'ધ મણિપુર ડાયરી'માં કાસ્ટ કરવાનો દાવો કર્યો હતો. પોલીસ હવે આ મામલાની તપાસ કરી રહી છે.

## મ્યાનમારમાં ૬૦ મસ્જિદ નષ્ટ, ૭૦૦થી વધુએ જીવ ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા )મ્યાનમાર

રમઝાનના પવિત્ર મહિનાની નમાજ દરમિયાન મ્યાનમારમાં ૭.૭ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો, જેના કારણે ભારે તબાહી મચી ગઈ. સ્પ્રિંગ રિવોલ્યુશન મ્યાનમાર મુસ્લિમ નેટવર્ક અનુસાર, આ દુર્ઘટનામાં ૭૦૦ થી વધુ નમાઝીઓ મસ્જિદોમાં ફસાયા હતા અને તેમના મૃત્યુ થયા હતા. મ્યાનમારના મંડલેમાં આવેલા ખતરનાક ભૂકંપમાં હજારો લોકો માર્યા ગયા.

સત્તાવાર આંકડા મુજબ, કુલ ૧૭૦૦ લોકો મૃત્યુ પામ્યા છે. આ સમયગાળા દરમિયાન ૬૦ મસ્જિદો સંપૂર્ણપણે નાશ પામી હતી. આનું મુખ્ય કારણ જૂની રચના હોવાનું માનવામાં આવે છે.

સ્પ્રિંગ રિવોલ્યુશન મ્યાનમાર મુસ્લિમ નેટવર્કના સભ્ય તુન કીએ જણાવ્યું હતું કે ભૂકંપ શુક્રવારની નમાજ દરમિયાન આવ્યો હતો, જ્યારે મસ્જિદો નમાઝીઓથી ભરેલી હતી.

### AAP સાંસદ સંજયસિંહનો દાવો

# વક્ફ બિલ આવ્યું તો પડી જશે મોદી સરકાર, નીતિશ-નાયડુ ખેંચી લેશે ટેકો

## તેમણે કહ્યું કે, ચંદ્રબાબુ નાયડુ, નીતિશ કુમાર, ચિરાગ પાસવાન અને જયંત ચૌધરી બધાએ મળીને અલ્ટીમેટમ આપ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વક્ફ બિલ પર દેશમાં રાજકીય નિવેદનબાજી ચાલુ છે. આ દરમિયાન AAP સાંસદ સંજય સિંહે રવિવારે (૩૦મી માર્ચ) દાવો કર્યો હતો કે, જો ભાજપ વક્ફ બિલ લાવશે તો મોદી સરકાર પડી જશે. તેમણે કહ્યું કે, ચંદ્રબાબુ નાયડુ, નીતિશ કુમાર, ચિરાગ પાસવાન અને જયંત ચૌધરી બધાએ મળીને અલ્ટીમેટમ આપ્યું છે. લખનઉમાં પાર્ટીના કાર્યાલયમાં આપ સાંસદ સંજય સિંહે કહ્યું કે, વર્ષ ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો. જેમાં મોદી સરકારે કહ્યું કે અમારી પાસે ૯૯ ટકા મિલકતોના દસ્તાવેજો છે. બધી મિલકતો માન્ય છે. બિલમાં એવું લખેલું છે કે જો કોઈ વ્યક્તિ પાંચ વર્ષ સુધી મુસ્લિમ રહે છે, તો જ તે મસ્જિદ કે મદરેસામાં દાન કરી શકે છે. દુનિયાનો કોઈ એવો કાયદો જણાવો જેમાં દાન આપવા માટે ધાર્મિક રીતરિવાજોનું પાલન કરવું જરૂરી હોય. નાસ્તિક પણ દાન કરી શકે છે. જે કોઈ પણ ધર્મમાં માનતો નથી. શું તમે આવો કોઈ કાયદો બનાવ્યો છે? ભાજપ પર આરોપ લગાવતા આપ સાંસદ સંજય સિંહે કહ્યું કે, તે જ પાર્ટી (BJP) છે જેણે અયોધ્યામાં વડાપ્રધાનના મિત્રને સંરક્ષણ જમીન આપી હતી. આ એ જ પાર્ટી છે જેણે રામ મંદિર માટે દાનમાં છેતરપિંડી કરી હતી અને પાંચ મિનિટમાં ૧૮.૫ કરોડ રૂપિયામાં ૨ કરોડ રૂપિયાની જમીન ખરીદી હતી. જે લોકો ભગવાન શ્રી રામના નામે જમીન કૌભાંડ અને ભ્રષ્ટાચાર કરી શકે છે, જો આજે વક્ફ બિલ પસાર થાય છે, તો કાલે મંદિરની જમીન પર કબજો કરવાનું બિલ પસાર થશે. ત્યારબાદ ગુરુદ્વારા અને ચર્ચની જમીન પર કબજો મેળવવા માટેનું બિલ પસાર કરવામાં આવશે. કારણ કે ધાર્મિક ભૂમિની આસપાસની મિલકત મોંઘી છે, મહત્વપૂર્ણ સ્થળોએ છે અને મોદીજીના મિત્રો તેના પર સારો વ્યવસાય કરી શકે છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004.
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# જીવદયા પ્રેમી સાથે મારામારી કરી અપશબ્દો બોલવા બાબતે ફરિયાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

શાકભાજીના વેપારીના ઘરે પહોંચેલ મહિલા જીવદયા પ્રેમી સાથે મારામારી કરી અપશબ્દો બોલવા બાબતે ફરિયાદના આધારે પોલીસે વેપારી અને તેની બહેન વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

શહેરના ગોરવા વિસ્તારમાં રહેતા વૈશાલી બેન (નામ બદલ્યું છે) ને ગત ૯ જાન્યુઆરીના રોજ ખંડેરાવ માર્કેટમાંથી એક વ્યક્તિએ જાણ કરી હતી કે, અહીંયા શ્વાનો બીમાર હોય ઈમર્જન્સી છે. જેથી તેઓ તુરંત ખંડેરાવ માર્કેટ ખાતે પહોંચતા જાણ તેમને જાણવા મળ્યું હતું કે, બે ગલૂડિયાંના મોત થયા છે. જેથી તેઓએ ખંડેરાવ માર્કેટમાં શાકભાજીનો વેપાર કરતા વાસુદેવ પટેલનો કોલ કરતા તેઓએ રીસીવ ન કરતા વાસુદેવ પટેલના ઘરે પહોંચ્યા હતા.

જ્યાં વાસુદેવ પટેલની બહેન જાનકીબેન પટેલએ વાસુદેવને કહ્યું હતું કે, આ માર્કેટ કેમ ગઈ હતી ? જેથી વૈશાલીબેનએ જવાબમાં કહ્યું હતું કે, પોતે જીવદયા પ્રેમી હોય શ્વાનને રેસ્ક્યુ કરવા માટે ગઈ હતી. અને અચાનક ઉશ્કેરાઈ જઈ અપશબ્દો કહી રસોડામાંથી તપેલી લાવી વૈશાલીબેનના માથામાં મારી હતી. જ્યારે વાસુદેવે વૈશાલી બેનને પકડી રાખતા જાનકીબેનએ સાવરણા વડે માર માર્યો હતો. ત્યારબાદ દસ દિવસ અગાઉ વાસુદેવ વૈશાલીબેનના ઘરે પહોંચ્યો હતો.

જ્યાં વૈશાલીબેને કહ્યું હતું કે, પિરિયડ આવતા નથી તું હોસ્પિટલ લઈ જા, જોકે વાસુદેવ ત્યાંથી જતો રહ્યો હતો અને ત્યારબાદ ફોન ન રિસીવ કરી જવાબ આપવાનું ટાળ્યું હતું. જેથી પોલીસ કંટ્રોલનો સંપર્ક કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જ્યાં પણ જાનકી પટેલે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરી અપશબ્દો કહ્યા હતા. ઉપરોક્ત ફરિયાદના આધારે પોલીસે વાસુદેવ પટેલ (રહે-દયાલભવનનો ખાંચો, રાજમહેલ રોડ) અને જાનકી પટેલ (રહે-કોઠી ફળિયા) વિરુદ્ધ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મધ્યપ્રદેશના રાજ્યપાલશ્રી - નાયબ મુખ્યમંત્રીશ્રીની વિશેષ ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મધ્યપ્રદેશના ભોપાલમાં સદકાળ ગુજરાત કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં સદાકાળ ગુજરાત કાર્યક્રમનું ઉદઘાટન કરતાં કહ્યું કે, ગુજરાત એ માત્ર ચાર અક્ષરનો શબ્દ ન રહેતા સર્વાંગી વિકાસનો પર્યાય બની ગયો છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે રીન્યુએબલ એનર્જી વોટર ગ્રીડ ગેસ ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અગ્રેસર ગુજરાત નવા યુગના ઉભરતા ક્ષેત્રો સેમીકંડક્ટર ગ્રીન ગ્રોથે વગેરેમાં પણ લીડ લેવા સંપૂર્ણ સજ્જ છે. મુખ્યમંત્રીશ્રીએ ભોપાલમાં વસતા ૨૦૦૦થી વધુ ગુજરાતી પરિવારો સમક્ષ આ સદાકાળ ગુજરાત કાર્યક્રમમાં રાજ્યના વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરવા સાથે દેશના વિકાસ રોલ મોડલ તરીકે ગુજરાતની પ્રગતિ ગાથા વર્ણવી હતી. સદાકાળ ગુજરાત કાર્યક્રમ રાજ્ય સરકારના બિન નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા દર વર્ષે દેશના વિવિધ રાજ્યોમાં યોજવામાં આવે છે. આ કાર્યક્રમનો હેતુ અન્ય રાજ્યોમાં વસતા મૂળ ગુજરાતના પરિવારો- લોકોનો ગુજરાત સાથે ગુજરાતના વિકાસ સાથે સંબંધસેતુ વધુ સંગીના બનાવવાનો છે.

આ પરંપરામાં ૨૦૨૫ના વર્ષનો સદાકાળ ગુજરાત કાર્યક્રમ મધ્યપ્રદેશની રાજધાનીમાં યોજવામાં આવ્યો હતો. ૨૦૨૪માં આવો કાર્યક્રમ કર્ણાટક બેંગ્લોરમાં યોજાયો હતો. મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી રાજેન્દ્ર શુક્લ, સાંસદ શ્રી વિષ્ણુદત્ત શર્મા તથા ગુજરાત રાજ્ય બિન નિવાસી પ્રભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવી આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આ અવસરે ગુજરાતી ફૂડ ફેસ્ટિવલનો પણ પ્રારંભ કરાવ્યો હતો અને ગુજરાતી સમાજના અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલએ કહ્યું કે ગુજરાત જ્યારે ૧૯૬૦માં અલગ રાજ્ય બન્યું ત્યારે રણ દરિયો અને ડુંગર ધરાવતું આ રાજ્ય કેવી રીતે વિકાસ કરશે તે સૌના મનમાં પ્રશ્ન હતો. એ જ ગુજરાત આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. તેમણે ઉમેર્યું કે વીજળીની તંગી, પાણીની અછત, રોડરસ્તાનો અભાવ, જેવી વિકટ સ્થિતિ હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસનદાયિત્વ સંભાળતાં સ્થિતિમાં બદલાવ આવ્યો છે. તેમણે નર્મદાનું પાણી કચ્છ સુધી પહોંચાડ્યું, વીજળી ૨૪ કલાક મળતી થઈ, આરોગ્યસેવાઓ ગ્રામીણ વિસ્તારોમાં પહોંચી છે. ગુજરાતે વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ કરેલી વાઈબ્રન્ટ સમિટ આજે દેશના અન્ય રાજ્યોમાં શરૂ થઈ છે, તેમા ઉલ્લેખ કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વાઈબ્રન્ટ સમિટ ગુજરાતને રોજગારી સર્જનમાં અગ્રેસર રાખવા સાથે વિદેશના રોકાણકારોને પણ ગુજરાતમાં રોકાણ કરવા પ્રેરિત કર્યા છે. આજે વિશ્વની ટોપ-૫૦૦માંથી ૧૦૦ કંપનીઝ ગુજરાતમાં છે.

મુખ્યમંત્રીએ વડાપ્રધાનશ્રીએ આપેલા એક ભારત શ્રેષ્ઠ ભારતના વિચારને સાકાર કરવામાં આવા સદાકાળ ગુજરાત જેવા કાર્યક્રમો ઉપયુક્ત બન્યા છે, તેની ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે દેશના રાજ્યો એકબીજાની વિકાસ-વાતો બેસ્ટ પ્રેક્ટિસીસનું પરસ્પર આદાન-પ્રદાન કરીને વિકસિત ભારત માટે સૌ સાથે મળીને આગળ વધવું છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે મધ્યપ્રદેશમાં વસતા ગુજરાતી પરિવારો મધ્યપ્રદેશના વિકાસમાં પણ અગ્રીમ યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાતનો મંત્ર સૌ ગુજરાતીઓ દેશમાં જ્યાં પણ વસે છે ત્યાંના વિકાસમાં યોગદાન આપીને પાર પાડે છે તેનો આનંદ પણ તેમણે દર્શાવ્યો હતો. રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલે મધ્યપ્રદેશના પ્રથમ નાગરિક તરીકે સદાકાળ ગુજરાત જેવા કાર્યક્રમો મધ્યપ્રદેશમાં આયોજન કરવા અંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ગુજરાતીઓની વિશેષતા છે કે જ્યાં જાય ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી જાય છે. મધ્યપ્રદેશમાં અંદાજે બે લાખ જેટલા ગુજરાતીઓ વસવાટ કરે છે તેનું આ પ્રદેશના વિકાસમાં મોટું યોગદાન છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે વડાપ્રધાનશ્રીએ સૌના સાથ સૌના વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસનો મંત્ર આપ્યો છે, તેના પરિણામે દેશના સૌ લોકોનો વિકાસમાં સહયોગ મળે છે. ભારત વડાપ્રધાન શ્રી ના નેતૃત્વમાં આના પરિણામે વિશ્વગુરુ બનશે જ તેમ તેમણે દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું. મધ્યપ્રદેશના નાયબ મુખ્યમંત્રીશ્રી રાજેન્દ્ર શુક્લએ ગુજરાતને ઈશ્વરકૃપાની ભૂમિ ગણાવતા કહ્યું કે સ્વરાજ્યનું નેતૃત્વ કરનારા ગાંધીજી, અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબ અને હવે સૂરાજ્યના પ્રેરણાસ્રોત શ્રી નરેન્દ્રભાઈ, શ્રી અમિતભાઈ, આ બધા જ ગુજરાતની ધરતીના એવા સંતાન છે જે દેશને દિશા આપતા રહ્યા છે. તેમણે સદાકાળ ગુજરાત કાર્યક્રમને મધ્યપ્રદેશ અને ગુજરાતને વધુ નજીક લાવવાનો સમયોચિત ઉપક્રમ ગણાવ્યો હતો.ગુજરાતના ગૃહરાજ્યમંત્રીશ્રી અને બિન નિવાસી ગુજરાતી પ્રભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સદાકાળ ગુજરાત કાર્યક્રમના સમગ્ર આયોજનની ભૂમિકા આપી હતી. તેમણે વતન બહાર વસતા ગુજરાતીઓ વતનની મહેક જ્યાં પણ તેઓ વસ્યા હોય ત્યાં પ્રસરાવે છે, તેની સરાહના કરતા મધ્યપ્રદેશ ગુજરાતી સમાજના કાર્યોને બિરદાવ્યા હતા.

શ્રી હર્ષ સંઘવીએ ગુજરાત સરકારે અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજોને ગુજરાત ભવ્ય નિર્માણ માટે રાજ્ય સરકારની સહાય તથા તે રાજ્યના યુવાનોને ગુજરાત દર્શન માટેના વતન પ્રવાસ યોજનાની વિગતો પણ આપી હતી. મધ્યપ્રદેશ ભાજપ અધ્યક્ષ અને સાંસદ શ્રી વિષ્ણુદત શર્માએ સૌને આવકાર્યા હતા અને ગુજરાતમાં ડાયમંડ પોલિસીંગ માટેનું રો મટીરીયલ-કાચો માલ, હીરા તેમના મતક્ષેત્રના પન્નામાંથી મળે છે, તેનો ખાસ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અખિલ ભારતીય ગુજરાતી સમાજ-ભોપાલના શ્રી સંજય પટેલનું તેમની સેવાઓની કદરરૂપે સ્મૃતિચિહ્નથી સન્માન કર્યું હતું. ગુજરાતી સમાજના અન્ય સેવાકર્મીઓનું પણ આ તકે સન્માન કરવામાં આવ્યું હતું. બિનનિવાસી ગુજરાતી પ્રભાતના સચિવ શ્રી હારિત શુક્લા, એનર્જી ફાઉન્ડેશનના નિયામક શ્રી શેઠ, નાયબ સચિવ શ્રી રાજેન્દ્ર રાઠોડ અને વિશાળ સંખ્યામાં ગુજરાતી પરિવારો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## ડુંગળીના ભાવ ગગડતા ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજ્યમાં ખેડૂતોને લઈને ફરી એકવાર ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવકોમાં સતત વધારો થઈ રહ્યો છે, પરંતુ એકાએક ભાવમાં ઘટાડો થતાં ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. હાલમાં રાજકોટ માર્કેટ યાર્ડમાં ડુંગળીના ભાવ મણ દીઠ ૧૦૦ થી ૩૦૦ બોલાઇ રહ્યાં છે, જેના કારણે ઉત્પાડન પડતર કરતાં ખેડૂતો નીચા ભાવે ડુંગળી વેચવા મજબૂર બન્યા છે. ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ડુંગળીનો મબલખ પાક થયો છે પંરતુ ભાવ ના મળતા ડુંગળીના ખેડૂતોને ફરી એકવાર રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. તાજા અપડેટ પ્રમાણે, અત્યારે રાજકોટ સહિતના માર્કેટયાર્ડમાં ડુંગળીના ભાવમાં ભારે ભરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. અહીં એક મણ ડુંગળીનો ભાવ માત્ર ૧૦૦થી ૩૦૦ મળતો હોવાનો ખેડૂતોનો દાવો છે. લાલ ડુંગળી, સફેદ ડુંગળી અને પીળીપતી ડુંગળીની મબલખ આવકથી ભાવ ગગડ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. રાજકોટ માર્કેટયાર્ડમાં દરરોજની ૫ હજાર ગુણી ડુંગળીની આવક નોંધાઈ રહી છે. આ સાથે જ વાંકાનેર સહિતના વિસ્તારોમાંથી પણ પીળીપતી ડુંગળીની આવકો થઈ રહી છે. ખાસ વાત છે કે, ડુંગળીની નિકાસ પરના પ્રતિબંધો હટાવ્યા બાદ પણ સ્થિતિ જેમની તેમ જ છે. ચિંતાની વાત તો એ છે કે, ડુંગળીના ખેડૂતો પોતાની ઉત્પાદન પડતર કરતા ૨૦૦ રૂ. નીચા ભાવે ડુંગળીનું વેચાણ કરવા મજબૂર બન્યા છે. વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી આંબાવાડીઓમાં પુષ્કળ પ્રમાણમાં મોર આવ્યો હતો. પરંતુ કમનસીબે, સમગ્ર મોર ખરી પડતાં કેરીનું ઉત્પાદન થશે કે કેમ તે અંગે ગંભીર સવાલો ઉભા થયા છે. વલસાડ જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખે દાવો કર્યો છે કે જિલ્લામાં કેરીના પાકને ૮૦ થી ૯૦ ટકા જેટલું જંગી નુકસાન થયું છે. ખેડૂત સમાજના પ્રમુખ ભગુભાઈ પટેલના જણાવ્યા અનુસાર, આ વર્ષે આંબાવાડીઓમાં કેરીનો મોર તો ખૂબ સારો આવ્યો હતો, પરંતુ ફલીકરણ ન થવાના કારણે કેરીના પાકને ભારે નુકસાન થયું છે. ખેડૂતોને શરૂઆતમાં પાકમાં નુકસાનનો અંદાજ આવ્યો નહોતો, પરંતુ જ્યારે ફલીકરણ ન થયું અને આખું ઝાડ કાળું પડવા લાગ્યું ત્યારે ખેડૂતોને પાકની ગંભીર સ્થિતિનો ખ્યાલ આવ્યો હતો.

### સોના-ચાંદીની ખરીદી સતત વધી રહી છે

# અમદાવાદમાં સોનાનો ભાવ ફરી રેકોર્ડ ટોચે, માર્ચમાં રૂપિયા ૫૫૦૦ સુધી મોંઘું થયું

### વૈશ્વિક બુલિયન બજારમાં વર્ષ ૧૯૮૬ બાદ સોનામાં આકર્ષક તેજી જોવા મળી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફની જાહેરાતોના કારણે કિંમતી ધાતુમાં તેજીનો જુવાળ જોવા મળ્યો છે.

સોના-ચાંદીના ભાવ સતત નવી રેકોર્ડ ટોચ નોંધાવાની સાથે અમદાવાદ સોના-ચાંદી બજારમાં સોનું માર્ચ મહિનામાં રૂ. ૫૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ મોંઘું થયું છે. વૈશ્વિક બુલિયન બજારમાં વર્ષ ૧૯૮૬ બાદ સોનામાં આકર્ષક તેજી જોવા મળી છે.ટ્રમ્પે કાર પર ૨૫ ટકા ટેરિફ લાદવાની સાથે એપ્રિલમાં રેસિપ્રોકલ ટેરિફ લાદવાની મક્કમતા દર્શાવતાં વૈશ્વિક અનિશ્ચિતતાઓ વધી છે. અમેરિકામાં ફુગાવાના અંદાજ સામે ડોલર ઈન્ડેક્સ પણ તૂટ્યો છે. આ અનિશ્ચિતતાઓના વાદળો વચ્ચે રોકાણકારો સેફ હેવન તરફ ડાયવર્ટ થયા છે. સેન્ટ્રલ બેંકો પણ મોટાપાયે સોનાની ખરીદી નોંધાવી રહી હોવાથી સોનાના ભાવ રોજ નવી રેકોર્ડ ટોચ નોંધાવી રહ્યા છે.

વૈશ્વિક પરિસ્થિતિઓના કારણે સોના-ચાંદીની ખરીદી સતત વધી રહી છે. અમદાવાદમાં સોનું આજે વધુ રૂ. ૮૦૦ ઉછળી નવી રૂ. ૯૩૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યું છે. ચાંદી રૂ. ૧,૦૦,૦૦૦ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે, ચાંદીની કિંમત બે દિવસ પહેલાં ૨૮ માર્ચે ૧,૦૧,૦૦૦ પ્રતિ કિગ્રાની ઐતિહાસિક ટોચે પહોંચી હતી.

વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓ વચ્ચે અમદાવાદ બજારમાં સોનું માર્ચ માસમાં રૂ. ૫૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ મોંઘુ થયુ છે. જેનો ભાવ ૨૮ ફેબ્રુઆરીએ રૂ. ૮૮૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ હતો. જે આજે રૂ. ૯૩૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યો છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં કોમોડિટી નિષ્ણાતોએ સોનું આગામી ત્રણ માસમાં રૂ. ૧,૦૦,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની સપાટી વટાવે તેવો અંદાજ આપ્યો છે. નોંધ લેવી કે, આજે રમઝાન ઈદ હોવાથી એમસીએક્સ સોના-ચાંદી બજાર બંધ છે

### યુનિવર્સિટીમાં દરવર્ષે માર્ચ મહિના સુધીમાં વાર્ષિક બજેટ જાહેર કરાય છે

# ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા બે વર્ષથી વાર્ષિક બજેટની વિગતો છૂપાવાતાં વિવાદ


(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીમાં સળંગ બીજા વર્ષે સત્તાવાર બજેટની કોઇ આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવી નથી. સરકાર દ્વારા વિધાનસભામાં સત્તાવાર બજેટ જાહેર કરવામાં આવતું હોય ત્યારે યુનિવર્સિટી સત્તાધીશો સળંગ બે વર્ષથી કયા કારણોસર બજેટની વિગતો છુપાવી રહ્યા છે તેની ચર્ચા શરૂ થઈ છે. આશ્ચર્યની વાત એ કે, પૂર્વ અને વર્તમાન રજિસ્ટ્રાર પણ બજેટની વિગતો અંગે અજાણ હોવાનું બહાર આવી રહ્યું છે.યુનિવર્સિટીમાં દરવર્ષે માર્ચ મહિના સુધીમાં વાર્ષિક બજેટ જાહેર કરવામાં આવતું હોય છે. આ બજેટમાં યુનિવર્સિટીને કેટલી આવક થશે, કયાંથી આવક થશે તેની સામે કેટલો ખર્ચ થશે, વિદ્યાર્થીઓની ફીમાંથી કેટલી રકમ આવશે, ભાડાની કેટલી આવક થઈ, અધ્યાપકો પાછળ કેટલો ખર્ચ થયો, યુનિવર્સિટી કાર્યાલય પાછળ કેટલો ખર્ચ થયો તે સહિતની નાનામાં નાની વિગતો વાર્ષિક બજેટમા જાહેર કરવામાં આવતી હોય છે. ભૂતકાળમાં દરવર્ષે ૨૯-૩૦ માર્ચના રોજ સેનેટની બેઠક બોલાવીને તેમાં સત્તાવાર રીતે બજેટને મંજુરી આપવાની પ્રક્રિયા કરવામાં આવતી હતી. જોકે, કોમન એક્ટ અને નવી એજ્યુકેશન પોલીસી આવ્યા બાદ સત્તામંડળોમાં ફેરફાર કરવા ઉપરાંત સેનેટની વ્યવસ્થા જ કાઢી નાંખવામાં આવી છે. આ સ્થિતિમાં સિન્ડીકેટની બેઠકમાં વાર્ષિક બજેટ રજૂ કરવાનું હોય છે. આ મુદ્દે યુનિવર્સિટીના સત્તાધીશો કહે છે કે અગાઉ મળેલી સિન્ડીકેટની બેઠકમાં બજેટને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી પરંતુ કેટલા કરોડનું બજેટ હતુ તેની કોઇ વિગતો નથી. વર્તમાન રજિસ્ટ્રાર પાસે પણ બજેટની લગતી કોઇ જાણકારી કે બજેટની કોપી પણ ઉપલબ્ધ નથી.

મહત્વની વાત એ કે, રાજય સરકાર દ્વારા વિધાનસભામાં બજેટ જાહેર કરવામાં આવે છે અને આ બજેટ સામાન્ય વ્યક્તિની સમજણમાં આવે તે પ્રકારની વ્યવસ્થા પણ કરવામાં આવતી હોય છે. એટલું જ નહી સરકાર દ્વારા કેટલા કરોડનું બજેટ છે તેની સત્તાવાર જાહેરાત પણ કરાતી હોય છે. આમ, હાલની સ્થિતિમાં સરકાર કરતાં પણ ગુજરાત યુનિવર્સિટી મોટી હોય અને મહત્વની હોય તેવી રીતે છેલ્લા બે વર્ષથી બજેટનો આંકડો જ જાહેર કરવામાં આવતો નથી. ગૂજરાત વિદ્યાપીઠ અને જીટીયુ દ્વારા પણ તાજેતરમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. પરંતુ યુનિવર્સિટીના સત્તાધીશો બજેટના મુદ્દે કુલડીમાં ગોળ ભાંગતા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષથી બજેટની કોઈ વિગતો જાહેર કરાતી નથી. આ મુદ્દે યુનિવર્સિટી સાથે જોડાયેલા તજજ્ઞો કહે છે કે, વર્તમાન કુલપતિ આવ્યા બાદ એસ્ટેટ ડીપાર્ટમેન્ટ, એકાઉન્ટન્ટ અને જીયુસેક સહિતના અનેક મહત્વના વિભાગોમાં ઓએનજીસીમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓને દોઢ લાખ રૂપિયાથી લઈને ૫ લાખ રૂપિયા સુધીના તોતિંગ પગારથી નિયુક્ત કરવામાં આવ્યા છે. ખાલી પડનારી જગ્યા પર હવે ઓએનજીસીમાંથી જ અધિકારીઓ આવી રહ્યા છે ત્યારે તેમને ચુકવવામાં આવતાં પગારને લઈને વિવાદ થઈ ચુક્યો છે. આ ઉપરાંત વિદેશ પ્રવાસ સહિતના અનેક ખર્ચા બજેટમાં દર્શાવવા પડે તેમ હોવાથી બજેટની આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવતી નહોવાની ચર્ચા યુનિવર્સિટીમાં શરૂ થઈ છે.

### સ્કાઉટ એન્ડ ગાઈડ એક વિચારધારા છે જે બાળકોમાં રાષ્ટ્ર પ્રત્યે સમર્પણભાવ પ્રગટાવે છે

# સ્કાઉટ એન્ડ ગાઈડના બાળકો પોતાના જન્મદિવસે અને માતા-પિતાની મેરેજ એનિવર્સરીએ એક વૃક્ષ વાવવાનો સંકલ્પ લે : શ્રી આચાર્ય દેવવ્રતજી



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના સૌ બાળકોને પોતાના જન્મદિવસે કે પોતાના માતા-પિતાની મેરેજ એનિવર્સરીએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. ગ્લોબલ વૉર્મિંગના દુષ્પરિણામોથી માહિતગાર કરીને તેમણે બાળકોને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ સમજાવ્યું હતું અને કહ્યું હતું કે, વૃક્ષ વાવ્યા પછી ત્રણ વર્ષ સુધી તમે એ વૃક્ષનું જતન કરશો તો પછી બાકીની આખી જિંદગી એ વૃક્ષ તમારું જતન કરશે.

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ના ૧૫૬૮ બાળકો અને વર્ષ ૨૦૨૪-૨૫ ના ૧૬૧૧ બાળકોને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજ્ય પુરસ્કાર અર્પણ કર્યા હતા. ગાંધીનગરમાં રાજભવન ખાતે મહર્ષિ દયાનંદ સભામંડપમ્ માં આયોજિત ભવ્ય સમારોહમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના ૩૧ જિલ્લા પૈકી ૨૫ જિલ્લાઓમાં સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિઓ વધારે સક્રિયતાથી ચાલી રહી છે. ગુજરાતમાં સ્કાઉટ ગાઈડ સંઘે ૬૫ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ગુજરાતના વિભિન્ન જિલ્લાઓમાંથી પધારેલા સ્કાઉટ્સ ગાઈડ્સ તથા સ્કાઉટર અને ગાઈડરને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સ્કાઉટ ગાઈડ એક વિચારધારા છે જે બાળકોમાં સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણનો ભાવ પ્રગટાવે છે. શિક્ષણની સાથે સાથે બાળકોને સેવા સાથે જોડતા આવા સંગઠનો બાળકને આત્મનિર્ભર તો બનાવે જ છે, સાથોસાથ તેમને એક જવાબદાર નાગરિક બનાવીને સમાજમાં તેમની ઉપયોગીતાની અગત્યતા સમજાવે છે.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, વિકાસ માટેની આંધળી દોડ અને આધુનિકતાને નામે આપણે પર્યાવરણનું સંતુલન બગાડી નાખ્યું છે. હવે પાણી અને હવા પ્રદૂષિત થઈ ગયા છે. પ્રાકૃતિક સંપદાનું સંરક્ષણ કરવું દરેક નાગરિકનું કર્તવ્ય છે. તેમણે બાળકોને અનુરોધ કર્યો હતો કે, તેઓ પોતાની દૈનિક જીવનશૈલીમાં અનુશાસન અને સંયમ અપનાવે, જેથી તેઓ સ્વયં સ્વસ્થ રહી શકે અને પર્યાવરણનું રક્ષણ પણ કરી શકે.

યુવાઓને જીવનમાં યોગ્ય માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમને વ્યસન, ખોટી આદતો અને સોશિયલ મિડિયાના દૂષણોથી બચવાની સલાહ આપી હતી. તેમણે માતા-પિતાના માર્ગદર્શનનું મહત્વ રેખાંકિત કરતાં બાળકોને અનુરોધ કર્યો હતો કે, કોઈપણ સમસ્યા કે સંકટ સમયે પોતાના વાલીઓ સાથે ખુલીને વાતચીત કરવી જોઈએ. તેમણે કહ્યું કે, જે બાળકો પોતાના માતા-પિતા અને ગુરુજનોનું સન્માન કરે છે, તેઓ જીવનમાં હંમેશા સફળતા પ્રાપ્ત કરે છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના બાળપણની એક પ્રેરણાદાયક ઘટના બાળકોને કહેતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, શ્રી નરેન્દ્ર મોદીજીએ પોતાની નાની ઉંમરમાં જ સેવાભાવ અને નેતૃત્વ ક્ષમતા દેખાડી હતી.

આ ઉદાહરણ દ્વારા તેમણે બાળકોને સમજાવ્યું કે, સમાજ સેવાની પ્રવૃત્તિ કરવા માટે કોઈ ઉંમરની અડચણ હોતી નથી. જો વ્યક્તિ બાળપણથી જ સમાજસેવાની ભાવનાને અપનાવે, તો તે જીવનમાં મહાનતા પ્રાપ્ત કરી શકે છે.

અંતમાં, શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત તમામ અધિકારીઓ, સ્કાઉટ્સ, ગાઈડ્સ અને આયોજકોની પ્રશંસા કરી, નવવર્ષના અવસરે સૌના સુખ, સમૃદ્ધિ અને આરોગ્યની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે સૌને રાષ્ટ્રીય સેવા માટે સમર્પિત રહેવા માટે પ્રેરણા આપતાં જણાવ્યું કે, જો આપણે સૌ મળી ને પ્રકૃતિ, સમાજ અને રાષ્ટ્રની સેવા માટે સજ્જ રહીશું, તો સક્ષમ અને સુખમય ભવિષ્યનું નિર્માણ કરી શકીશું. ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના પ્રમુખ અને પૂર્વ ઉપમુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે પોતાના પ્રસંગિક ઉદબોધનમાં કહ્યું હતું કે, સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ગુજરાતના હજારો દીકરા-દીકરીઓને તાલીમ આપીને તેમનું જવાબદાર નાગરિક અને સજ્જન વ્યક્તિ તરીકે ઘડતર કરાઈ રહ્યું છે. સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિઓ દ્વારા અભ્યાસની સાથે સાથે બાળકોમાં સ્વાસ્થ્ય, જ્ઞાન, સંસ્કાર, દેશભક્તિ અને અન્ય સદગુણોનું સિંચન થાય છે. બાળકોમાં આ ઉપરાંત સ્વચ્છતા, પાણી બચાવો, વીજળી બચાવો જેવી જરૂરી બાબતો પ્રત્યે સજાગતા પણ કેળવાય છે. આવી પ્રવૃત્તિઓ વ્યક્તિત્વ ઘડતર કરે છે અને જીવનમાં ઉપયોગી સાબિત થાય છે. ભારત સ્કાઉટ ગાઈડ સંઘના ગુજરાત રાજ્યના મુખ્ય આયુક્ત શ્રી સવિતાબેન પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘની પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. સ્કાઉટ ગાઈડના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ પણ કરી હતી. આ અવસરે ગુજરાત ભારત સ્કાઉટ ગાઈડ સંઘના ઉપાધ્યક્ષ શ્રી દિલીપભાઈ ચૌધરી, રાજ્ય આયુક્ત (સ્કાઉટ) શ્રી હસમુખભાઈ મોદી, રાજ્ય આયુક્ત (ગાઈડ) શ્રી અંજનાબેન ચૌધરી, નેશનલ સ્કાઉટ કમિશનર શ્રી મનીષકુમાર મહેતા અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત થયો

# ગાંધીનગરના પરિવારને સાણંદ પાસે નડ્યો અકસ્માત, ૩ના મોત, ૨ ઈજાગ્રસ્ત

### ચૈત્ર નવરાત્રિના નોરતા હોવાથી ગાંધીનગરના ઝુંડાલનો રબારી પરિવાર સાણંદ તાલુકાના વિરોચનનગર ગામે મેલડી માતાજીના દર્શન કરવા ગયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સાણંદ તાલુકાના વિરોચનનગર ગામે મેલડી માતાજીના દર્શન કરીને પાછા ફરી રહેલા ગાંધીનગરના ઝુંડાલ ગામના રબારી પરિવારની કારને અકસ્માત નડ્યો હતો. કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર કેનાલમાં ખાબકી હતી. જેમાં પરિવારના ત્રણ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હતો અને બે લોકો ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી અનુસાર, ચૈત્ર નવરાત્રિના નોરતા હોવાથી ગાંધીનગરના ઝુંડાલનો રબારી પરિવાર સાણંદ તાલુકાના વિરોચનનગર ગામે મેલડી માતાજીના દર્શન કરવા ગયો હતો.

જે દરમિયાન દર્શન કરીને પરત ફરી રહેલા આ દર્શનાર્થીઓની કાર અકસ્માતનો ભોગ બની હતી. ડ્રાઈવરે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર પાણી ભરેલી કેનાલમાં ખાબકી હતી. આ અકસ્માતમાં એક જ પરિવારના કનુ દેસાઈ, વિશાલ દેસાઈ અને દર્શન દેસાઈએ જીવ ગુમાવ્યો છે, જ્યારે બે વ્યક્તિનો આબાદ બચાવ થયો છે.

ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક ૧૦૮ની ટીમ દ્વારા ઈજાગ્રસ્તોને સારવાર માટે સાણંદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ગંભીર અકસ્માત અંગે સાણંદ GIDC પોલીસ સ્ટેશને વધુ તપાસ હાથ ધરી છે.

# દર્શનમ એન્ટીકાના રહીશો દ્વારા બેનરો લગાવી ખુલ્લી કાંસનો વિરોધ કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરના દંતેશ્વર વિસ્તારમાં ૭૭૭ મકાનો ધરાવતી સોસાયટીના રહીશોએ બેનરો લગાવી ફરી એક વખત વિરોધ પ્રદર્શન કર્યું છે. સોસાયટી નજીકમાંથી પસાર થતી રૂપારેલ વરસાદી ખુલ્લી કાંસના ગટરના પાણીની દુર્ગંધ, ગંદકી સાથે મચ્છરોનો ઉપદ્રવ અને ચોમાસામાં સોસાયટીમાં ભરાતાં પાણીથી પરેશાન લોકોએ કાયમી ઉકેલની માગ સાથે આમરણાંત ઉપવાસની ચીમકી ઉચ્ચારી છે. શહેરના દંતેશ્વર વિસ્તારમાં એન્ટીકા સોસાયટીમાં ૩ હજારથી વધુ લોકો રહે છે. છેલ્લાં ઘણાં વર્ષોથી રહેતા લોકો નજીકમાંથી પસાર થતી ખુલ્લી કાંસમાં વહેતા ગટરના પાણીની દુર્ગંધથી પરેશાન છે. અગાઉ પ્લે કાર્ડ સાથે વિરોધ દર્શાવ્યો હતો. હવે આ વિસ્તારનો વિકાસ ક્યારે? તેવા બેનરો લગાવી વિરોધ પ્રદર્શિત કર્યો છે. સ્થાનિકોની માંગણી છે કે, કાંસની સફાઈ સાથે ખુલ્લી કાંસ બંધ કરી કાંસમાં દૂષિત પાણી ઠાલવવાનું બંધ કરવું જોઈએ. આ દરમ્યાન સોસાયટીમાં પીવાના પાણીની સમસ્યા લઈને પણ મહિલાઓએ કોર્પોરેશન સામે આક્રોશ દર્શાવ્યો છે. વોર્ડ ૧૫ ના કાઉન્સિલર આશિષ જોષીએ વિડીયો વાયરલ કરી આક્ષેપ કર્યો છે કે, કોર્પોરેશન જ વરસાદી કાંસમાં ગટરનું પાણી ઠાલવે છે, ગાજરાવાડી પંપીંગ સ્ટેશનનું પાણી ટ્રીટમેન્ટ વગર વરસાદી કાંસમાં ઠાલવવામાં આવી રહ્યું છે.

વિપક્ષી નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવએ આ અંગે પ્રતિક્રિયા આપી હતી કે , વર્ષોથી આ રૂપારેલ કાંસમાં દૂષિત પાણી કોર્પોરેશન ઠાલવી રહ્યું છે. જેથી કાંસની આસપાસ દુર્ગંધની સમસ્યાથી નાગરિકો પરેશાન છે.

### પોષણના નામે લાખો કરોડ રૂપિયા ખર્ચ

# કુપોષણ પર કરોડો ખર્ચ કર્યા પછી પણ પાંચ વર્ષમાં ૧૮,૨૩૧ નવજાત બાળકોના મોત

### CAG રિપોર્ટમાં ખુલાસો થયો છે કે છેલ્લા પાંચ વર્ષમાં જન્મના ૨૪ કલાકની અંદર ૧૮,૨૩૧ નવજાત શિશુઓ મૃત્યુ પામ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

કુપોષણ મુક્ત ગુજરાતનો નારો ગુંજારવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, કુપોષણ પર કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે, પરંતુ બાળ મૃત્યુદરમાં કોઈ સુધારો થયો નથી. CAG રિપોર્ટમાં ખુલાસો થયો છે કે છેલ્લા પાંચ વર્ષમાં જન્મના ૨૪ કલાકની અંદર ૧૮,૨૩૧ નવજાત શિશુઓ મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત, ૮૩,૫૩૮ નવજાત શિશુઓ એક વર્ષ પણ જીવી શક્યા નથી. આમ, ગુજરાત સરકાર કુપોષણને કાબુમાં લેવામાં ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે.ગુજરાતમાં માતાના પોષણના નામે લાખો કરોડ રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે, છતાં જન્મ સમયે ઓછું વજન અને અપૂરતી વૃદ્ધિ ધરાવતા કુપોષિત બાળકોની સંખ્યા વધી રહી છે. આ સાથે, નવજાત શિશુઓનો મૃત્યુદર પણ વધી રહ્યો છે જે ચિંતાનો વિષય બન્યો છે. ગુજરાત સરકારે ૫૦૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે, છતાં આજે ગુજરાતમાં ૫.૪૦ લાખ બાળકો કુપોષિત છે.પૂરતા આહાર-વિટામિનથી કુપોષણની ઘટનાઓમાં ઘટાડો થયો નથી. કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવી રહ્યું હોવા છતાં, કુપોષણ સામેની લડાઈમાં ગુજરાત અન્ય રાજ્યો કરતાં ઘણું પાછળ છે. CAG રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ૨૦૧૭-૧૮ થી ૨૦૨૨-૨૩ દરમિયાન જન્મના ૨૪ કલાકમાં મૃત્યુ પામેલા નવજાત શિશુઓની સંખ્યા ૧૮,૨૩૧ છે. આનો અર્થ એ થયો કે દર વર્ષે હોસ્પિટલમાં સરેરાશ ૩૦૦૦ શિશુઓ મૃત્યુ પામે છે. પાંચ વર્ષમાં, ૮૩,૫૩૮ નવજાત શિશુઓ સારવાર છતાં એક વર્ષ પણ જીવી શક્યા નહીં.ઓછા જન્મ વજન-અપૂરતી વૃદ્ધિને કારણે નવજાત શિશુઓ મૃત્યુ પામે છે. આ સમયગાળા દરમિયાન, ૮,૧૨,૮૮૬ નવજાત શિશુઓ જન્મ્યા જેનું વજન અઢી કિલોથી ઓછું હતું. જ્યારે માતાઓને પોષણયુક્ત ખોરાક મળતો નથી, ત્યારે કુપોષિત બાળકો જન્મે છે. રાષ્ટ્રીય પોષણ મિશન માર્ગદર્શિકા ૨૦૧૭ અનુસાર, ઓછા જન્મ વજનવાળા શિશુઓના મૃત્યુ દરમાં કોઈ ઘટાડો થયો નથી. આજે પણ ગુજરાતમાં ૨.૫ કિલોથી ઓછા વજનવાળા નવજાત શિશુઓની ટકાવારી ૧૧.૬૩ છે. આમ, નવજાત શિશુઓનો મૃત્યુદર ચિંતાજનક દરે વધી રહ્યો છે, ત્યારે કુપોષણ મુક્ત ગુજરાતની કડવી વાસ્તવિકતાનું ચિત્ર સામે આવ્યું છે. ગંભીર કુપોષણથી પીડાતા નવજાત શિશુઓને વધુ સારવાર આપવા માટે પોષણ પુનર્વસન કેન્દ્રો સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. CAG એ જણાવ્યું હતું કે સાત જિલ્લાઓમાં આવી કોઈ આરોગ્ય સુવિધા સ્થાપિત કરવામાં આવી નથી, જ્યારે શિશુ મૃત્યુદર ઘટાડવા માટે અરવલ્લી, બોટાદ, દ્વારકા, ગીર સોમનાથ, મહિસાગર, મોરબી અને પોરબંદરમાં પોષણ પુનર્વસન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા નથી. કુપોષિત નવજાત શિશુઓની ઓળખ કરવામાં આવી હતી, જેમાંથી ૮.૮૨ લાખ શિશુઓ ગંભીર કુપોષણથી પીડાતા હોવાનું જાણવા મળ્યું હતું. આરોગ્ય કર્મચારીઓએ શિશુઓના સ્વાસ્થ્યની તપાસ કરવા માટે ઘરે ઘરે જઈને તપાસ કરવાની હતી, પરંતુ ફક્ત ૯૪,૦૦૦ શિશુઓની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત, ૧.૬૩ લાખ શિશુઓને કુપોષણ સારવાર કેન્દ્રોમાં લઈ જવામાં આવ્યા હતા. આમ, શિશુઓના સ્વાસ્થ્યની તપાસમાં સંપૂર્ણ બેદરકારી દાખવવામાં આવી હતી.

### આપઘાત કેસમાં પ્રેમી સહીત ૨ની ધરપકડ

# વાલિયામાં પ્રેમપ્રકરણમાં યુવતીએ એસિડ ગટગટાવી આપઘાત કર્યો

### આ મામલે સ્યુસાઈડ નોટના આધારે પોલીસે મૃતકના પ્રેમી સહિત ૨ જણા વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચ જિલ્લાના વાલિયામાં પ્રેમપ્રકરણમાં યુવતીએ એસિડ ગટગટાવી આપઘાત કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે સ્યુસાઈડ નોટના આધારે પોલીસે મૃતકના પ્રેમી સહિત ૨ જણા વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે. હકીકતમાં ગત ૨૭ માર્ચના રોજ વાલિયા તાલુકાના વડ ફળિયામાં રહેતી અંજના વસાવા (૨૨) પોતાના ઘરે હતા. આ દરમિયાન મોડી રાતે ૧૦ વાગ્યાની આસપાસ અંજનાના મોબાઈલ પર કોઈનો ફોન આવ્યો હતો. જેથી તેણીએ ફોન પર વાતચીત કર્યા બાદ એસિડ પી લીધુ હતુ. જેના પગલે યુવતીની તબિયત અચાનક લથડી હતી અને ઉલટી થવા સાથે ગભરામણ થતાં તેણી બૂમાબૂમ કરવા લાગી હતી.યુવતીની બૂમો સાંભળીને દોડી આવેલા પરિવારજનો તાત્કાલિક તેને સારવાર અર્થે ભરૂચની સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં બીજા દિવસે હોસ્પિટલના બિછાને યુવતીએ દમ તોડ્યો હતો. આ કેસની તપાસ કરી રહેલી પોલીસને યુવતીના રૂમમાંથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી.જેમાં કદવાલી ગામના અવિનાશ વસાવા અને પ્રેમી નરેશ નામનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં અવિનાશે મૃતકના માતા-પિતાને મારી નાંખવાની ધમકી આપી હોવાનું લખાણ લખ્યું છે. જ્યારે પ્રેમી નરેશે યુવતીને છોડી દેવાનું જણાવીને તું મરી કેમ નથી જતી તેમ કહ્યું હતુ. આ બાબતનું લાગી આવતા યુવતીએ અંતિમ પગલું ભર્યું હતુ. હાલ તો પોલીસે મૃતકની અંતિમ ચિઠ્ઠીના આધારે પ્રેમી નરેશ અને અવિનાશ વસાવા વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# ધોરાજીમાં આવેલા ખોડીયાર મંદિરે જવાનો રસ્તો બિસ્માર હાલતમા

(સંપૂર્ણ સમાચાર સેવા)ધોરાજી

સામાન્ય રીતે રાજ્ય સરકાર હોય કે કોઈ સામાજિક સંસ્થાઓ કે ધાર્મિક સંસ્થાઓ ધાર્મિક સ્થળો અને ભક્તોને કોઈ પણ પ્રકારની તકલીફો ન પડે અને સરળતાથી ભક્તો દર્શન કરી શકે તે માટે ધાર્મિક સ્થળો કે મંદિરોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે અને લોકોમાં દરેક મંદિરમાં બેસેલા ભગવાન કે માતાજીમાં આસ્થા દિન પ્રતિદિન વધતી જાય છે ભક્તો તેમની માનતા કરી હોય કે દર્શન માટે ભક્તો જે તે મંદિરમાં જતાં હોય છે પણ ધોરાજી તાલુકાના

**પગપાળા ચાલીને કે પછી વાહનો લઈને કે પછી ત્યાં મંદિરના આજુબાજુના વિસ્તારના ખેડૂતો રોજ બરોજ દર્શન કરવા માટે આવતાં હોય છે**

વેગડી ગામ નજીક આવેલું અને વર્ષોથી આસ્થાનું પ્રતિક અને કેન્દ્ર બિંદુ ખોડીયાર માતાજીનું મંદિર છે, જે વેગડીથી બે અઢી કિલોમીટર દૂર આવેલું આ ખોડીયાર માતાજીનું મંદિર આવેલું છે, ત્યારે આ માતાજીના મંદિરે ભાવી ભક્તો દર્શન માટે કે મનોકામનાઓ પૂર્ણ થાય અને પગપાળા ચાલીને કે પછી વાહનો લઈને કે પછી ત્યાં મંદિરના આજુબાજુના વિસ્તારના ખેડૂતો રોજ બરોજ દર્શન કરવા માટે આવતાં હોય છે. ઘણા વર્ષો વિતી ગયા પહેલા ધારાસભ્ય અને સાંસદ એવા વિઠ્ઠલભાઈ રાદડીયાના કાર્યકાળ દરમ્યાન આ મંદિરનો મુખ્ય માર્ગ કે રસ્તો મંજૂર કરી અને ખુબ સરસ રસ્તો બનાવી આપ્યો હતો પણ તે પછી ૨૦ કે ૨૫ વર્ષ થયા કોઈ આગેવાન કે પછી રાજકીય માણસોએ રસ્તા કે માર્ગ સારો કરવા માટે કોઈએ પાછળ વળીને જોયું નથી અને આ ખોડીયાર માતાજી મંદિર કે રસ્તાનો વિકાસ કરવામાં માટે પગલાં લેવામાં આવ્યા નથી અને ભક્તો કે ખેડૂતો કે બહાર ગામથી આવતા દર્શનાર્થીઓ ખરાબ રસ્તા પરથી ચાલીને નિકળવું પડે છે, ત્યારે સ્થાનિક લોકો અને ભક્ત ગણ કે ખેડૂતો અને મહંતની માગ છે કે આ રસ્તો બિસ્માર હાલતમાં છે તેનું સમારકામ કરવામાં આવે.

### લગ્નના નામે છેતરપિંડી

# મહેસાણામાં લૂટેરી દુલ્હને લગ્ન કરવાની લાલચ આપી ૬ લાખ રૂપિયા પડાવ્યા

### મુંબઈની યુવતી ધારા વોરા અને આ યુવક એક પાર્ટનર એપ દ્વારા મળ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણામાં એક મોટી છેતરપિંડીની ઘટના સામે આવી છે. જેમાં એક મહિલાએ લગ્નનું વચન આપીને એક યુવકને છેતરીને પૈસા લઈને ભાગી ગઈ છે. હવે આ યુવતી સામે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

મુંબઈની યુવતી ધારા વોરા અને આ યુવક એક પાર્ટનર એપ દ્વારા મળ્યા હતા. મહેસાણાના આ યુવકને મુંબઈની ધારા ગમે છે, તેથી તેણે લગ્નનો મામલો આગળ વધાર્યો. અને ધારાએ આ યુવક પાસેથી લગ્નની લાલચ આપીને પૈસા માંગ્યા. જ્યારે આ દુલ્હન લગ્નના નામે છેતરપિંડી કરીને ભાગી ગઈ, ત્યારે હવે મહેસાણા એ-ડિવિઝન પોલીસે યુવતી સામે કેસ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.મહેસાણાના માનવ આશ્રમ ચોકડી વિસ્તારમાં રહેતા યુવકનો પરિચય મુંબઈના ધારા વોરા સાથે લગ્ન માટે ભાગીદાર તરીકે થયો હતો. જ્યાં ધારાએ આ યુવકને કહ્યું કે તેના બે વાર છૂટાછેડા થઈ ગયા છે.

બંને વચ્ચે વાતચીત આગળ વધતાં મામલો લગ્ન સુધી પહોંચ્યો અને મહેસાણાના આ યુવકે ધારા સાથે લગ્ન કરવા સંમતિ આપી. લગ્ન માટે સંમતિ આપતાં પહેલાં ધારાએ આ યુવક પાસેથી પૈસા માંગ્યા.ધારાએ યુવક પાસેથી ૫ લાખ રૂપિયા માંગ્યા અને કહ્યું કે આ યુવક સાથે લગ્ન કરતા પહેલાં, તેના બે વાર છૂટાછેડા થઈ ચૂક્યા છે અને તેણે લોન ચૂકવવાની છે. જ્યારે આ મામલો અટક્યો નહીં, ત્યારે ધારા લગ્નની ખરીદીના બહાને મહેસાણા આવી અને યુવક પાસેથી ઓનલાઈન લગ્નની ખરીદી માટે ૪ લાખ રૂપિયા વધુ માંગ્યા અને યુવકે ધારાને ૪ લાખ રૂપિયા રોકડા પણ આપ્યા.એટલુજ નહો આ યુવક પાસેથી કુલ ૬ લાખ રૂપિયા લીધા પછી, જ્યારે યુવકે કહ્યું કે લગ્નની તારીખ ૨૩ માર્ચે આવી ગઈ છે, ત્યારે ધારાએ આ યુવક પાસેથી બીજી લોન ચૂકવવા માટે બીજા ૫ લાખ રૂપિયા માંગ્યા. પરંતુ ધારાએ ૫ લાખ રૂપિયા આપવાનો ઈનકાર કરી દેતાં આ યુવકે લગ્ન કરવાનો ઈનકાર કર્યો. અને અંતે કંટાળીને યુવકે લગ્ન કરવાનું વચન આપ્યું હતું પણ લગ્ન ન કર્યા અને મહેસાણા પોલીસ સ્ટેશનમાં ૬ લાખ રૂપિયાની છેતરપિંડી થયાની ફરિયાદ કરી છે અને મહેસાણા એ-ડિવિઝન પોલીસે યુવતી સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ઈદમાં નવા કપડા લેવા અને ખાણીપીણી માટે સગીરે ATM મશીન તોડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં ખરાબ આદતોના રવાડે ચઢેલા એક સગીર યુવકે રમજાનનો તહેવાર હોઈ નવા કપડાં લેવા ATM મશીન તોડ્યું હતું, પરંતુ સીસીટીવીમાં તેની હરકત કેદ થઈ ગઈ હતી

મજબૂરી માણસને ગમે તે કરાવે છે. ત્યારે સુરતમાં એક ચોંકાવનારી ઘટના બની છે. સુરતમાં એક સગીરે રમજાનમાં નવા કપડાં લેવા ATM મશીન તોડ્યું હતું. પરંતુ સફળ ન થતા તે પકડાઈ ગયો. પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના લિંબાયત વિસ્તારમાં આ ઘટના બની હતી. ઈદમાં નવા કપડાં અને સારું ખાઈ-પી શકાય તેવા ઈરાદા સાથે લિંબાયતના ૧૭ વર્ષીય સગીરે એટીએમ. મશીન તોડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેને તેમાં સફળતા મળી ન હતી, પરંતુ મશીનના કેશ ડિસ્પેન્સર અને પ્રેઝન્ટરની તોડફોડને કારણે ૪૦ હજારનું નુકસાન પહોંચ્યું હતું. બનાવની વિગત મુજબ, પ્રવીણસિંહ રાજપૂત ઈન્ડિયા-વન એ.ટી.એમ.માં સુરતમાં ઝોનલ મેનેજર તરીકે નોકરી કરે છે. શનિવારે બેંગ્લોરથી કોલ આવ્યો હતો અને લિંબાયત મીઠીખાડી ગોવિંદનગરમાં આવેલું એ.ટી.એમ. મશીન સ્લો થયાનું બતાવી રહ્યું હોઈ ચેક કરવા જણાવાયું હતું. ત્યાં ટીમ પહોંચતાં મશીનમાં ચોરીના ઈરાદે તોડફોડ થયાનું જણાઈ આવ્યું હતું. સીસીટીવીમાં એક યુવક પણ મશીનના કેશ ડિસ્પેન્સર અને પ્રેઝન્ટરને તોડી તેમાંથી નાણાં ચોરી કરવાની કોશિશ કરતો જણાઈ આવ્યો હતો. પરંતુ સફળ થયો ન હતો.ઘટનાને પગલે લિંબાયત પોલીસ પણ ત્યાં દોડી ગઈ હતી. પોલીસે સીસીટીવીમાં દેખાતા ૧૭ વર્ષીય સગીરને અટકાયતમાં લીધો હતો. ત્યારે પૂછપરછ કરતા જાણવા મળ્યું કે, ખરાબ આદતોને કારણે પિતાએ આ સગીરને ઘરમાંથી કાઢી મૂક્યો હતો. નજીકના દિવસોમાં ઈદ હોઈ તે વખતે નવા કપડાં પહેરી શકાય તે માટે મોટો હાથ મારવાના ઈરાદે એ.ટી.એમ. મશીન પર હાથ અજમાવ્યો હતો.

### પોલીસે રૂ.૫.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ઉંઝામાં રિક્ષા ગેંગે મુસાફરોને બેસાડી ચોરી કરી તરખાટ મચાવ્યો

### ડિટેક્ટ થયેલા ત્રણેય ગુના ઊંઝામાં બન્યા હતા એક જ દિવસમાં ત્રણ ગુના બનતા પોલીસ પણ દોડતી થઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણાના ઉંઝામાં રિક્ષા ગેંગે મુસાફરોને બેસાડી ચોરી કરી તરખાટ મચાવ્યો હતો. એક જ દિવસમાં ઉંઝામાં ત્રણ ત્રણ જગ્યાએથી પેસેન્જર બેસાડી સોનાના દાગીના સેરવી લેવાની ફરિયાદો નોંધાઈ હતી. જે ઘટના બનતા જ પોલીસ દોડતી થઈ અને રીક્ષા ગેંગના ૩ ઈસમોને પકડી જેલ હવાલે કરી દીધા છે. અવાર નવાર રીક્ષામાં મુસાફરી તમે કરતા હોય તો જરા ચેતી જજો. એમાંય ખાસ કરીને મહિલાઓ કે જે સોનાના દાગીના પહેરી અને બજારમાં કોઈ કામ અર્થે રીક્ષામાં જતા આવતા હોય તે ખાસ ચેતજો.

મહેસાણા ઊંઝામાં એક એવી રીક્ષા ગેંગ કે જેણે એક જ દિવસમાં ત્રણ ત્રણ જગ્યાએ મુસાફરો બેસાડી ગેંગના વ્યક્તિઓ પણ મુસાફરો બની સોનાના દાગીના સરકાવી ગઈ હતી. જે ઘટનામાં ત્રણ અલગ અલગ ફરિયાદો નોંધાતા જ ઊંઝા પોલીસ અને મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે સીસીટીવી સહિત તપાસ હાથ ધરી હતી, જેમાં રિક્ષામાં રીક્ષા ચાલક અને મુસાફરના સ્વાંગમાં બેઠેલી તેમના જ ગેંગની વ્યક્તિની પોલીસે તપાસ કરતા આ ગેંગના બે શખ્સો ઝડપાઈ ગયા છે.

રીક્ષા ગેંગના બે શખ્સો મહેસાણા રામોસણા બ્રિજ પાસેથી ચોરી કરેલી સોનાની બંગડી, સોનાનો દોરો, સોનાનું પેન્ડલ અને મોબાઈલ તેમજ કટર સાથે પકડાઈ ગયા છે. રીક્ષા ગેંગના સલમાન ગુલામ નબી વોરા અને સલમાન ઉર્ફે સલ્લુ કયુમખાન પઠાણ જે બંને ખેડાના રહેવાસીની પોલીસે ધરપકડ કરી લીધી છે તો રમેશ ઉર્ફે ભોટી દેવીપુજક અને અન્ય એક સ્ત્રી ફરાર છે, જેની પોલીસે ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.ડિટેક્ટ થયેલા ત્રણેય ગુના ઊંઝામાં બન્યા હતા. એક જ દિવસમાં ત્રણ ગુના બનતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી.

સમગ્ર ઘટનામાં આરોપી પાસેથી સોનાની બંગડી જેની કિંમત ૨.૮૦ લાખ, સોનાનો દોરો નંગ ૧ રૂ.૧.૪૦ લાખ, સોનાનું પેન્ડલ રૂપિયા ૨૦,૦૦૦, મોબાઈલ અને લોકોના ખિસ્સા અને સોનાના દાગીના કાપવાનું કટર અને રીક્ષા સહિત કુલ રૂપિયા ૫.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને ફરાર બીજા બે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# મેચ જોવા મોબાઈલ ન આપતા ૩ શખસે સગીરને માર્યા ચપ્પાના ઘા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં આઈપીએલ-૨૦૨૫નો ક્રેઝ લોહિયાળ બન્યો હોય તેવી ઘટના સામે આવી છે. શહેરનાં એક યુવકે મેચ જોવા માટે મિત્રોને મોબાઈલ ન આપતા ખૂની ખેલ ખેલાયો છે. મોબાઈલ ન આપવાના કારણે ત્રણ યુવકોએ તેના પર જીવલેણ હુમલો કર્યો છે. હુમલાના કારણે યુવક ગંભીર ઈજાગ્રસ્ત થયા છે. તેને છાતીના ભાગે તેમજ પેટના ભાગે ધારદાર ચપ્પુ વાગતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ તુરંત દોડી આવી છે અને ત્રણ ઈસરો વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી દીધી છે. ઉમાશંકર ડેકાટ નામના વ્યક્તિએ સુરતના ડીંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં ફરિયાદીએ રાજાસિંગ અને કિરણ નામના ઈસમનું નામ નોંધાવ્યું છે. ફરિયાદ મુજબ, ઉમાશંકર અને ભાઈ જીતેન્દ્ર મિત્ર વિશાલના મોબાઈલમાં મેચ જોતા હતા. આ દરમિયાન દેવેન્દ્ર, રાજાસિંહ અને કિરણ તેની પાસે આવ્યો હતો અને મેચ જોવા માટે મોબાઈલની માંગણી કરી હતી. જીતેન્દ્રએ મોબાઈલ આપવાની ના પાડતા ત્રણેય ઈસમો ઉશ્કેરાઈ તેને અપશબ્દો બોલવા લાગ્યા હતા. જોતજોતામાં મામલો વધુ ઉગ્ર બની ગયો અને ત્રણેય ઈસમોએ ભેગા મળી જીતેન્દ્રને માર મારવા લાગ્યા હતા. એટલું જ નહીં દેવેન્દ્ર અને રાજાસિંગે જીતેન્દ્રને ઉપરાઉપરી ચપ્પાના ઘા ઝીકી દીધા હતા. તેઓએ ભેગા મળી તેને પેટ અને છાતીના ભાગે ચપ્પુ માર્યું હતું. ત્રણેય ઈસમો જીતેન્દ્ર પર જીવલેણ હુમલો કરી ફરાર થઈ ગયા છે. ઉમાશંકર અને વિશાલે જીતેન્દ્રને સારવાર માટે તાત્કાલીક હોસ્પિટલ ખસેડ્યો હતો. આ દરમિયાન તાત્કાલીક પોલીસને જાણ કરતા ડીંડોલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે દેવેન્દ્ર, રાજાસિંગ અને કિરણને પકડવાની તજવીજ શરૂ કરી દીધી છે.

# ગાંધીધામ હાઈવે પર પેટ્રોલ પંપ પર લાગી વિકરાળ આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભચાઉ

પેટ્રોલ પંપ તરફ પવનની દિશા હોવાથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે.આગની જાણ થતાં જ નજીકના ગામડાઓમાંથી પાણીના ટેન્કરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ભચાઉના ગાંધીધામ કોરિડોર હાઈવે પર જવાહર નગર પાસે આજે બપોરે એક મોટી દુર્ઘટના બની છે. શંકર ટિમ્બર માર્ટ નામના લાકડાના ગોદામમાં ભીષણ આગ લાગી હતી. આગની ઘટના બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. ગાયત્રી પેટ્રોલ પંપ ગોદામથી માત્ર ૨૫-૩૦ મીટર દૂર હોવાથી પરિસ્થિતિ વધુ ભયાનક બની છે. પેટ્રોલ પંપ તરફ પવનની દિશા હોવાથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે.આગની જાણ થતાં જ નજીકના ગામડાઓમાંથી પાણીના ટેક્રો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ભચાઉ અને ગાંધીધામ ફાયર વિભાગની ટીમો પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

### નોકરી અપાવવાની લાલચે છેતરપિંડી થયાની ઘટના

# ફિલ્મોમાં ડાન્સ કોરિયોગ્રાફીમાં નોકરી અપાવવાની લાલચે ઠગાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

**ફિલ્મોમાં આવા કામ માટે રજીસ્ટ્રેશન કરાવવું પડે છે તેમ કહી યુવક પાસેથી પૈસા લીધા**

અમદાવાદમાં ફિલ્મોમાં નોકરી અપાવવાની લાલચે છેતરપિંડી થયાની ઘટના સામે આવી છે. એક શખ્સે યુવક પાસેથી ડાન્સ કોરિયાગ્રાફીમાં નોકરી કરવી હોય તો રજીસ્ટ્રેશન કરાવું પડશે તેમ કહી રૂપિયા પડાવ્યા.

આ યુવક પાસેથી કામ અપાવવાના બહાને ફલાઈટની ટિકિટના પૈસા લીધા હતા. પરંતુ ક્યાંય સુધી કોઈપણ જાતની આગળ કામગીરી ના થતાં યુવકને છેતરપિંડી થઈ હોવાનું લાગતા ફરિયાદ નોંધાવી. શહેરમાં એક યુવકને એક્ટર વિક્રમ ઠાકોરનાં નાના ભાઈનો રોલ આપીશું અને સાથેસાથે કાયમી આવક મળી રહે માટે ડાન્સ કોરિયાગ્રાફરની નોકરી પણ આપીશું તેમ કહી પૈસા પડાવ્યા. ફિલ્મોમાં આવા કામ માટે રજીસ્ટ્રેશન કરાવવું પડે છે તેમ કહી યુવક પાસેથી પૈસા લીધા. અને તમારે જલદી કામ મેળવવું હોય તો અમે તમને ફલાઈટ બુક કરાવી આપીશું તેમ ઠગબાજે કહ્યું. યુવક પાસેથી ફલાઈટની ટિકિટના પૈસા સહિત ૧૭૫૦૦ રૂપિયા ઠગબાજે મેળવ્યા. નોકરીની રાહ જોતો યુવક ફલાઈટની ટિકિટ આવવાની રાહ જોતો રહ્યો. ટિકિટ પણ ના આવી અને નોકરીનો ઓર્ડર પણ ના આવ્યો. જેના બાદ યુવકે શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં પ્રદિપ પંડ્યા નામનાં યુવક સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી. આજે યુવાનો મોટી નોકરી મેળવવાની લાલચમાં ફ્રોડનો શિકાર થઈ રહ્યા છે. યુવાનો બેંક મેનેજર, એકાઉન્ટન્ટ જેવી ચીલાચાલુ નોકરીના સ્થાને ડાન્સ કોરિયાગ્રાફર જેવી નોકરી પણ કરવા લાગ્યા છે. ફિલ્મોમાં હિરો-હિરોઈનની સાથે તેમની સાથે ડાન્સ કરતાં તેમના સપોર્ટ સ્ટાફને ડાન્સ કોરિયોગ્રાફર દ્વારા ખાસ તાલીમ અપાય છે. આજે ફિલ્મો ઉપરાંત અનેક લોકપ્રિય સંગીતકારો તેમના આલ્બમ બહાર પાડતા હોય છે. તેમાં પણ ડાન્સ કોરિયોગ્રાફર દ્વારા એક્ટર તેમજ અન્ય લોકોને ખાસ ટ્રેનિંગ અપાય છે. પરંતુ યુવાનો કોઈપણ જાતની ચકાસણી કર્યા વગર નોકરીની લાલચે છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે.

### માનવ શરીરના ચાર ટુકડા મળી આવતા ચકચાર મચી

# ભરૂચમાં ૩ દિવસમાં માનવ શરીરના ચાર ટુકડા મળતા ચકચાર

### કપાયેલું માથુ, કમરનો ભાગ અને જમણો અને ડાબો હાથ મળ્યાવિવિધ ટીમો બનાવીને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચમાં ત્રણ દિવસમાં માનવ શરીરના ચાર ટુકડા મળી આવતા ચકચાર મચી છે. બીજીતરફ પોલીસ પણ માનવ શરીરના ભાગો મળતા ચકરાવે ચડી છે. આ ઘટનાએ સમગ્ર ભરૂચ પંથકમાં હાહાકાર મચાવ્યો છે. શનિવારે ગટર લાઈનમાં એક શખ્સનં કપાયેલું માથું મળી આવ્યું હતું. જે બાદ રવિવારે કાળી થેલીમાં કમરથી ઘૂંટણ સુધીનો ભાગ અને સાંજે જમણો હાથ મળી આવ્યો હતો. જે બાદ આજે સોમવારના રોજ ડાબો હાથ મળી આવ્યો છે. ત્યારે આ વ્યક્તિની ક્રૂર હત્યા કોણે કરી છે તેને લઈ પોલીસ પર ગોથે ચડી છે. વિવિધ ટીમો બનાવીને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ભરૂચની દૂધધારા ડેરી પાસેથી ભોલાવ GIDC તરફ જતી વરસાદી કાંસની ગટરમાં શનિવારે એક શખ્સનું ગળેથી કપાયેલું માથું શ્વાન ખેંચી લાવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ મેળવવા પોલીસ હજુ પ્રયાસ કરી રહી હતી. ત્યાં જ રવિવારે તેનાથી ૩૦૦ મીટર દૂર તે જ વરસાદી કાંસની ગટરમાંથી કમરથી ઘૂંટણ સુધીનો ભાગ ભેરલી એક પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી. ૨૪ કલાકની અંદર જ માનવઅંગોના બે કટકા મળી આવતા પોલીસ પર ચોંકી ગઈ હતી. પોલીસે હજુ મૃતક વિશે વધુ તપાસ કરી રહી હતી ત્યાં રવિવારની સાંજના ભોલાવ GIDCની સામે આવેલા સેઝ ૨ની ગટરમાંથી મૃતકનો જમણો હાથ મળી આવ્યો હતો. જે બાદ આજે સોમવારની સવારે પણ ત્યાંથી જ કાળી થેલીમાં મૃતકના ડાબા હાથનો ભાગ મળી આવ્યો હતો. જેના કારણે પ્રાથમિક દૃષ્ટિએ માલૂમ પડે છે કે, કોઈએ આ વ્યક્તિની ક્રૂરતાપૂર્વક હત્યા કરી પોલીસને ગુમરાહ કરવા તેના શરીરનાં અંગો કાપી અલગ-અલગ સ્થળે નાખ્યા હોવાનું લાગી રહ્યું છે.પોલીસે આખી ગટરમાં શોધખોળ શરૂ કરી છે.ઉપરાંત મૃતક કોણ છે, ક્યાંનો છે? તેની ઘાતકી રીતે હત્યા કરી તેના અંગોના ટુકડાઓ કરીને અલગ-અલગ સ્થળે ફેંકનાર હત્યારો કોણ છે? આવા તમામ સવાલોના જવાબો મેળવવા માટે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.આ મામલે ભરૂચ શહેર DYSP સી.કે. પટેલે જણાવ્યું હતું કે, ભોલાવ GIDCમાં શનિવારે સાંજના ખુલ્લી ગટરમાં એક શખ્સના માથાનો ભાગ મળી આવ્યો હતો. આ વ્યક્તિનું મોત કઈ રીતે થયું છે તે માટે પેનલ ડોક્ટર પાસે પીએમ કરાવવામાં આવ્યું છે. મૃતકનો બીજાં અંગો શોધવા માટે અને મૃતક કોણ છે તે દિશામાં સી ડિવિઝન પીઆઈ વામન ભરવાડે તપાસ હાથ ધરી છે. પોલીસની અલગ અલગ ટીમો બનાવી તે વિસ્તારમાં લગાવેલા CCTVના ફૂટેજ ચકાસવા સાથે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસ હાથ ધરવામાં આવી છે. વધુમાં જિલ્લામાંથી ગુમ થયેલા વ્યક્તિઓની યાદી મંગાવી તે દિશામાં પણ તપાસ હાથ ધરી છે.

આ મામલે ભરૂચના સામજિક કાર્યકર ધર્મેશ સોલંકી સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યું કે, શનિવારના રોજ અમને એક શખ્સના માથાનો ભાગ ભોલાવ GIDCની ગટરમાંથી મળી આવ્યો હતો. જોકે, મારી ટીમે તે જ ગટરમાં શોધખોળ આગળ વધારતા તેનાથી ૩૦૦ મીટર દૂરથી અમને મૃતકના કમરથી લઈને ઘૂંટણ સુધીનો ભાગ મળી આવ્યો હતો. ભોલાવ સેઝ ૧માંથી મૃતકનો જમણા હાથનો ભાગ પણ મળી આવ્યો હતો. જ્યારે સોમવારે સવારે ડાબા હાથનો ભાગ તે જ ગટરમાંથી મળ્યો છે. હજુ મૃતકની છાતી અને પગના અવયવોની શોધખોળ ચાલુ છે.

# વિદેશ ભાગી ગયેલા બિલ્ડર અપૂર્વ પટેલ સામે ૫૧ લાખની છેતરપિંડીની વધુ એક ફરિયાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા,વડોદરામાં અલગ - અલગ સ્થળે સ્કીમો શરૂ કરી બુકીંગના બહાને લોકો પાસેથી લાખો રૃપિયા પડાવી લઈ વિદેશ ભાગી જનાર ભેજાબાજ અપૂર્વ પટેલ સામે ૪૫ ગુનાઓ નોંધાયા છે.

સ્ટીલના વેપારી પાસેથી સામાન ખરીદી તેમજ એક ફ્લેટના બુકીંગ પેટે ૪ લાખ લઈ ૫૧.૯૫ લાખ પડાવી લીધા હતા.

પાણીગેટ ભદ્ર કચેરી સામે ખત્રી પોળમાં રહેતા સંજયકુમાર રમેશચંદ્ર શાહ પ્રતાપનગર રોડ, યમુના મિલ ચાર રસ્તા પાસે રિદ્ધિ સિદ્ધિ સ્ટીલના નામે લોખંડના સળિયા, ટી.એમ.ટી. બાસ, બાઈન્ડિંગ વાયર અને ખીલીનો વેપાર કરે છે. માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, શ્રી સિદ્ધિ વિનાયક ડેવલપર્સ ભાગીદારી પેઢીના ભાગીદાર (૧) અપૂર્વ દિનેશભાઈ પટેલ તથા (૨) મનોજ સોલંકી દ્વારા વર્ષ - ૨૦૧૭ થી અમારી પાસેથી સામાન ખરીદ કર્યો હતો. શરૂઆતમાં તેઓ સમયસર પેમેન્ટ કરતા હતા.

વર્ષ - ૨૦૧૮ માં અપૂર્વ પટેલના કહેવાથી ચાર લાખમાં એક ફ્લેટ બુક કરાવ્યો હતો. ત્યારબાદ તેઓની અન્ય એક સ્કીમ પર મેં ૨૯.૭૧ લાખનો સામાન સપ્લાય કર્યો હતો. ત્યારબાદ હિસાબ કરતા મારે તેઓની પાસેથી કુલ ૪૭.૯૫ લાખ લેવાના નીકળતા હતા. તેમણે આપેલા ચેક પણ રિટર્ન થયા હતા. અપૂર્વ પટેલે બિલના રૃપિયાના ૧૮ ટકા લેખે જી.એસ.ટી.ક્રેડિટની રકમ જી.એસ.ટી. ડિપાર્ટમેન્ટમાંથી પણ તે સમયે લઈ લીધી હતી.

અપૂર્વ પટેલની અક્ષર ચોક વિસ્તારમાં આવેલી જમીન વેચાણ કરવા માટેની કાર્યવાહી શરૂ થઈ હતી. તેમજ તેની અલગ - અલગ સ્કીમની ઓફિસમાં તેમના માણસ જૈમિન ગાંધી તથા અન્ય સ્ટાફ બેસીને કામ કરે છે.